Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत् ।
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा ।
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું.] માર્ગશીર્ષ-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [અંક ૯ મો.

## मनोरथ झूलो.[1]

( લેખક—શા. મલયાનિલ. )

ધનાશ્રી.

મનોરથ ઝૂલો કોણ ચલાવે ?
ઝૂલે કહો મ્હને કોણ ઝૂલાવે ? મનો૦
ઝૂલા મહીં સ્થૂળ નયન મીંચાણી,
સ્વપ્નમહીં મ્હને કોણ હલાવે ? મનો૦
હીંચે ગગન પાર, ભેદે ભૂતળ બાર,
કિંકણી કોણ ત્રિલોક વગાડે ? મનો૦
ભૂત ભવિષ્યે સ્વપ્ને નિદ્રે,
હીરની દોરી કોણ હલાવે ? મનો૦
સ્વર્ગ વીતાવ્યાં, નરક વીતાવ્યાં,
કોણ મ્હને હરિ પાસ હસાવે ? મનો૦

૧ વૈશાકના 'વસંત' ઉપરથી—મનોરથરૂપી હિંડોળામાં મનુષ્યો જેવા નાચે છે તે દર્શાવવાનો આ ન્હાના કાવ્યમાં પ્રયાસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શક્તિનું સામ્રાજ્ય.

( મનહર છંદ. )

શક્તિએ પૂજાય તાત, સંતતિના સ્નેહ દ્વારા,
શક્તિએ સ્વામીને પ્રિયા, પ્રભુસમ જો ભજે;
શક્તિવંત પુત્ર હોય, પ્રેમપાત્ર પિતાતણા,
શક્તિએ સંબંધી મિત્ર, સ્નેહીને નહિ તજે.
શક્તિરૂપી સાંકળના, સ્નેહમાં બંધાયું સર્વ,
શક્તિ સુધી સર્વ બાજી, કરને સ્વાધીન છે;
શક્તિના અભાવે શુદ્ધ, પ્રેમની પરીક્ષા થાય;
ત્યાં સુધીની સેવા સહુ, શક્તિને આધીન છે. ૧
શક્તિહિણનું [1]ભવિષ્ય, ભાગ્યશાળીમાંહે ખપે,
શક્તિહિણ બાંધવનો સ્નેહ ભગિની તજે;
શક્તિહિણ સંબંધી કે, સંતપુરૂષોની સેવા,
અંતરના ઉમળકે વીર પુરૂષો ભજે;
શક્તિ વિના અરસ-પરસ [2]નિર્વાહ સહુ,
તુંબા ટોચા વિણ થવું, ભાગ્યને સ્વાધીન છે;
દુર્લભ જણાય શુદ્ધ પ્રેમ, શક્તિના અભાવે,
ફરજ વિમુખ કોણ, ફરજ આધીન છે. ૨

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા—વળા.

# કળિયુગ–સામ્રાજ્ય.

( મનહર છંદ. )

દુહિતાના દામ ધરી, મડાથી મીંઢોળ બાંધે,
મતિ હીણ શ્રીમંતના, સાળા થઇ મ્હાલતા:
સસરા સાસુ ને સાળા, સાળીનો સત્કાર વધ્યો,
વડીલ માવિત્ર તણા, વિનયને ટાળતાં;
ભગિની કે દુહિતા ન, આંગણે આવ્યા પોસાય,
સાચો સ્નેહ શ્વસુરના, પક્ષનો નિહાળતા:
બાંધવનો સ્નેહ, બહિષ્કાર કર્યો કળિકાળે,
કામાંધ ને સ્વાર્થ અંધ, દોષ નથી ભાળતા. ૧

૧ મરણ. ૨ ભરણપોષણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રપંચો વધ્યા અનેક, ઉદર પોષણુ માટે,
સ્વાર્થની સગાઇ તણા-ચિન્હ તગમગે છે;
મળ મૂત્ર ધોઇ, દુઃખ વેઠીને મોટા કરેલ,
ઘર બાંધી દીધા પછી, માવિત્રને ઠગે છે;
સલાહમાં સાઢુભાઇ, કળીયુગની સગાઇ,
અજ્ઞાને ગયું છવાઇ, નેત્રથી નિહાળતા;
બાંધવોનો સ્નેહ, બહિષ્કાર કર્યો કળિકાળે,
કામાંધ ને સ્વાર્થ અંધ, દોષ નથી ભાળતા. ૨

કુલટાઓ હાણે માણે, સતિઓ ચીંથરે હાલ,
અધર્મી ઉડાવે મોજ, નીતિવાનો રઝળે;
સંધ્યાનો ખીલેલ રંગ, સંધ્યામાં સમાઇ જાય,
ફળ આખરે જણાય, ઇનસાફ જે મળે;
અલ્પ સુખ માટે મારે, વલખાં ન જ્ઞાનીજન,
દુર્લભ શાશ્વત સુખ, આગળ નિહાળતાં;
બાંધવોનો સ્નેહ, બહિષ્કાર કર્યો કળીકાળે,
કામાંધ ને સ્વાર્થ અંધ, દોષ નથી ભાળતા. ૩

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા—વળા.

# उच्चात्माभिनन्दन.

**મહેમાનો ઓ વ્હાલા પુન: પધારજો—એ રાગ.**

(૧)

અભિનન્દો સજ્જનના સુંદર આત્મને,
એ આત્મામાં નૈસર્ગિક ઉલ્લાસ જો;
સુશ્રુપો દાનેશ્વરી-ધર્મી—કર્મજ યોગીને,
વહતાં સુન્દર વિક્રમાર્ક સંવત જો. અભિનન્દો૦

(૨)

આન્દોલનની ઘટના પૂર્ણ પવિત્ર હો,
તે ઘટના ગ્રંથો ચૈતન્ય અપૂર જો;
ક્ષમા, દયા, બ્રહ્મચર્ય ત્રિપુટી પાળજો,
આદરજો અધ્યાત્મ ભાવી ભરપૂર જો. અભિનન્દો૦

(૩)

તિમિરના તણખા ઉચ્ચાત્મા ટાળશે,
ભિન્નત્વ ભાવો ટાળી ઐક્યજ સાધશે;

For Private And Personal Use Only

[illegible] સમજી, તેમાં કંઈ પણ પ્રમાદ-શિથિલતા કે સ્વચ્છંદતા કર્યા વગર અસ્ખલિત પ્રયાણ કરવા કેટલી બધી અંતરની લાગણી રાખવી જોઈએ ? સારી રીતે પ્રમાદ રહિત શાસનરથને ચલાવનારા સાધુજનો તેમજ ગૌણપણે શ્રાવકજનો, અન્ય ઉપર કેટલો પ્રભાવ પાડી સ્વપરનું કલ્યાણ કરી શકે ? ઇતિશમ્.

## आवा बारीक समये सुज्ञ जनोए शुं करवुं जोइए ?

( લેખક-સન્મિત્ર મુનિ કપૂરવિજયજી. )

આપણી આંખો ઠરે એવા થોડાક અપવાદ સિવાય અત્યારે જ્યાં જઈએં અને જોઈએ ત્યાં બાહ્યાડંબર, ડાકડીમાક યા બીજાને આંજી દેવાની બાજી રચાતી નજરે પડે છે. બહુધા માર્ગાનુસારીપણાનો માર્ગ ભૂલાઇ ગયો છે. શિષ્ટ સંપ્રદાય વિસારી દેવાયો છે અને જ્યાં ત્યાં આપખુદાઇ-સ્વચ્છંદતાનો જ દોર પ્રબળ દેખાય છે. પોતાના છતા દોષો ઉઘાડા ન પડે-ઢંકાયા રહે, લોકમાં પૂજા-સત્કાર થાય, તથા પોતાની પ્રતિષ્ઠા જામે એવા નીચ આશયથીજ કમઅક્કલના નાદાનો દંભ (માયાજાળ) રચે છે, અને તેમાં અનેક મુગ્ધજનોને ફસાવી સ્વપરની પાયમાલી કરે છે. શાસ્ત્રકારે ઠીકજ કહ્યું છે કે કેશલોચ, ભૂમિશયનાદિક કઠણ કષ્ટ કરણી કરવી સુલભ છે પણ દંભ (છળ કપટભરી માયાવૃત્તિ) તજવી મુશ્કેલ છે. આવો ઘોર અત્યાચાર જ્યાં વ્યાપી ગયો હોય અને દાંભિકવૃત્તિથી પોતાના છતા દોષોને છુપાવવા અને અછતા ગુણોને જાહેરમાં લાવવા (જગજાહેર કરવા) તનતોડ પ્રયત્ન થતો હોય તેવા દાંભિક લોકો પાસેથી ખરા ધર્મલાભની આશા શી રીતે રાખી શકાય? ન જ રાખી શકાય. અન્યત્ર કહેવામાં આવ્યું છે કે જયારે જયારે ધર્મની પ્રબળ ક્ષતિ-હાનિ થવા પામે છે ત્યારે ત્યારે કોઇ સમર્થ પુરૂષરત્નનો જન્મ-અવતાર આ જગત્ ઉપર થાય છે અને તે સમર્થ વ્યક્તિ-સ્વશક્તિથી તેનો પ્રતિકાર કરે છે. આવા હડહડતા કલિકાળમાં એવા યુગપ્રધાન અવતારની ઘણીજ જરૂર છે. તેવા યુગપ્રધાન જગતી તળ ઉપર અવતરી દાંભિકજનોના રાક્ષસી પંજામાંથી ભલા ભદ્રક જીવોનો બચાવ ગમે તે ઉપાયથી કરી શકે. એવા યુગપ્રધાન આ પૃથ્વી ઉપર અવતરી આપણી આધુનિક સ્થિતિ જોઇ તેમાંથી આપણો ઉદ્ધાર કરવા જે કોઇ ઉપાય લેવા યોગ્ય ધારે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી અને તેવી શુભ કલ્પના કરી આપણે અત્યારથીજ તેવા લાભદાયક ઉપાયો યોજી તેનો આદર કરવો જોઇએ.

૧ શુદ્ધ દેવ ગુરૂ ધર્મને યથાર્થ ઓળખી એકનિષ્ઠાથી કોઈ પણ પ્રકારની લાલચ રાખ્યા વગર તેમને સેવવાં જોઇએ.

૨ કોઇ પણ પ્રકારના મિથ્યાત્વ-કાદવથી ખરડાવું ન જોઇએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ સ્વપરહિત ચિન્તવન, પરદુ:ખભંજન, પરસુખતુષ્ટિ અને પરદોષઉપેક્ષા રૂપ ચારે સુંદર ભાવનાને સ્વહૃદયમાં સ્થાન આપી તેને ખીલવવા કચાશ રાખવી નહિં જોઇએ.

૪ કલેશ-કંકાસ વેર-ઝેર વિગેરે દરેક શલ્ય દૂર કરવાં જોઇએ.

૫ સર્વત્ર સુખશાન્તિ પ્રસરે એવી ભાવના સદોદિત રાખવી જોઇએ.

૬ સર્વ કોઇને આપણા આત્મા સમાન લેખવા જોઇએ.

૭ સમાન સંગાથે મૈત્રી, દુ:ખી પ્રત્યે કરૂણા, સુખી અને સદ્ગુણી પ્રત્યે પ્રેમ-પ્રમોદ અને દોષિત પ્રત્યે ઉપેક્ષા રાખવી ઉચિત છે, તેથી સ્વપર હિતને હાનિ ન થતાં ઉલટો લાભજ થાય છે.

૮ લાચાર અને અવાચક પશુ-પંખીઓનું રક્ષણ કરવું સારૂં છે, તેની પણ મર્યાદા હોવી જોઇએ. તેમનું દુ:ખ દૂર થાય અને તે આનંદમાં રહે. પણ સબળ હોય તે નિર્બળને મારી નાંખે એવી અવ્યવસ્થા તો થવી નજ જોઇએ. ઘણું કરવા કરતાં સુંદર કરવા તરફ લક્ષ્ય રહેવું જોઇએ. દયાને બ્હાને બંદીખાનું નીપજવું નહિ જોઇએ. તન, મન, ધનનો સદુપયોગ થવો જોઇએ.

૯ પશુ-પંખી કરતાં મનુષ્ય જીવન અસંખ્યગણું કિમતી જાણી તેનું રક્ષણ કરવા, તેને ખીલવવા તન, મન, ધનનો પૂરતો અને વધારે ઉપયોગ થવો જોઇએ.

૧૦ બીજાં નકામાં ખર્ચ સમેટી નાંખી ઉત્તમ પ્રકારની કેળવણી પાછળ તે ખર્ચ કરી આપણાં સંતાનોને સાચા હીરા જેવા બનાવવા જોઇએ.

૧૧ સ્વધર્મી ભાઇ-બ્હેનોનું જીવન સુધારવા દરેક પ્રયત્ન કરવો જોઇએ અને તેને જરૂરનો દરેક આશ્રય આપવો જોઇએ. ઇતિશમ્.

# सम्यग्-द्राष्टि या समकितवंतनां खास लक्षण.

(લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી.)

૧ સર્વત્ર ઉચિત કરણ (આચરણ)—જ્યાં જેવા સંયોગોમાં જેમ કરવું ઘટે ત્યાં તેવું ઘટતું આચરણ. અઘટિત-અયોગ્ય-અનુચિત આચરણથી લોકાપવાદ થવા પામે છે તેથી સમ્યકત્વ રૂપ રત્નદીપક જેના હૃદયમાં પ્રગટ્યો હોય તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે ઉચિતજ આચરણ સેવે, જેથી સર્વત્ર અનુમોદન થવા ઉપરાંત એ ઉચિત માર્ગનું અનુકરણ કરી અન્યજનો પણ સ્વદ્રષ્ટિ નિર્મળ કરે અને એ રીતે એકંદર સમ્યકત્વ ધર્મની પ્રાપ્તિ, રક્ષા અને શુદ્ધિ થવા પામે.

૨ સદ્ગુણાનુરાગ—શ્રી સર્વજ્ઞ વીતરાગ પ્રભુનાં વચન અનુસારે ગમે તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવમાં ગમે તે સદ્ગુણ હોય અથવા તો સુકૃત હોય તે સર્વનું અનુમોદન કરવામાં આવે-તે જાણીને કે જોઇને પ્રમુદિત (રાજી રાજી) થવામાં આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ શ્રી જિન વચન રતિ—રાગ દ્વેષ અને મોહાદિક દોષમાત્રથી સર્વથા વર્જિત એવા વીતરાગ સર્વજ્ઞ પ્રભુના આગમ-સિદ્ધાન્ત વચનનું શ્રવણ કરવાની અતિ ઉત્કટ ( ઉત્કૃષ્ટ ઇચ્છા ).તેના ઉપર અત્યંત પ્રેમ-ભક્તિ રાગ જાગવો અને બની રહેવો.

૪ ગુણહીન-નિર્ગુણ-દોષવંત-યોગ્યતા વગરના-અને નીચ-નિર્દય જીવ ઉપર પણ મનમાં ખેદ કે દ્વેષ નહિ લાવતાં, અનુકંપા બુદ્ધિથી તેમને ઉચિત હિત વચનથી પણ જ્યારે સુધારી ઠેકાણે પાડવા અશક્યજ જણાય ત્યારે તેનાથી અળગા રહી, તટસ્થપણે તેનું પણ હિત ઇચ્છી, સ્વકર્તવ્ય કર્મમાં સાવધાન થઇ રહેવું. નકામી પરપ્રવૃત્તિવડે સ્વકર્તવ્ય ધર્મને વિસારી નહિ દેતાં તેમાં સાવધાન થઇ રહેવું. સમકિત દ્રષ્ટિનાં એ ચાર લિંગો-લક્ષણો વખાણ્યાં છે. વળી તેનાં પાંચ લક્ષણો પણ નીચે મુજબ બતાવ્યાં છે.

૧ અનુકૂળ શમ-ઉપશમ-ક્રોધ માન મદાદિકને એવા મંદ કે મર્યાદિત કરી દેવા અને ક્ષમા, મૃદુતા-નમ્રતા-લઘુતાદિક ગુણને ધારણ કરવા કે જેથી અપરાધી જીવનું પણ અણહિત કરવા માઠું ચિન્તવન કરવામાં આવે નહિ. કદાચ તેને ઉચિત શિક્ષા કરવામાં આવે તો પણ તેનો અંતરંગ હેતુ તેનું કે સમાજનું કે ઉભયનું હિતજ કરવાનો હોય.

૨ સંવેગ-( મોક્ષાભિલાષ )-દેવ કે માનવમાં અત્યારે ગમે તેવાં દેખાતાં પ્રગટ સુખ હોય પણ તેના છેડે જન્મમરણનાં અનંતાં દુ:ખો સાથે લાગ્યાં હોય છે, તેથી તેને સુખરૂપ નહિ લેખતાં, તપ જપ સંયમાદિક ધર્મસાધનમાં અત્યારે ગમે તેવું દુઃખ દેખાતું હોય પણ પરિણામે તેથી સર્વથા જન્મ મરણનો ભય ટળી જવા રૂપ મોક્ષ સુખની પ્રાપ્તિ થઇ શકે છે, તેથી તેજ ખરૂં વાસ્તવિક સુખ છે એવી સ્પષ્ટ સમજ અને પ્રતીતિ સાથે તેવા સાચા સુખમાંજ ભળી જવાની તીવ્ર ઇચ્છા હોવી.

૩ નિર્વેદ ( ભવવૈરાગ્ય )-જન્મ મરણાદિકનાં અનંત દુઃખ ભયથી આકુળ એવા આ સંસારમાંથી કોઇ રીતે પોતાનો ઉદ્ધાર કરવા સમર્થ સર્વજ્ઞ-વીતરાગ ધર્મનું સેવન કરવા તીવ્ર ચાહના.

૪ અનુકંપા-દીન, દુઃખી, અપંગ, અનાધાર, લાચાર, અશક્ત, દુર્બળ જીવ ઉપર ઉચિત દયા-કૃપા-ઘૃણા રાખવી તે દ્રવ્યદયા અને ધર્મહીન, ધર્મપતિત કે ધર્મ માર્ગમાં શિથિળ થતા કે થયેલા ભવ્ય જીવને ધર્મપ્રાપ્તિ થાય, તે ધર્મમાં દ્રઢ નિશ્ચળ બને એવી દરેક પ્રકારની તજવીજ કરવી તે ભાવદયા-યથાયોગ્ય દાખવવાથી સ્વપરની ઉન્નતિમાં વધારો થઇ શકે છે.

૫ શ્રદ્ધા ( આસ્તિકતા )-સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનાં કેવળ હિતકારી વચન ઉપર પૂર્ણ પ્રતીતિ-વિશ્વાસ સાથે દ્રઢ રંગ-રાગ બેસવો. એ રીતે સમ્યકત્વનાં અથવા સમકિત દ્રષ્ટિનાં પાંચ લક્ષણો ખાસ આદરવા યોગ્ય કહ્યાં છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सर्वज्ञ वीतराग प्रभुनी आज्ञानो प्रभाव.

( લેખક—મુ૦ ક૦ વિ૦ )

" आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ. "

પ્રભુ આજ્ઞાનીજ બલિહારી! પ્રભુ આજ્ઞાનો યથાશક્તિ આદર કરનાર શ્રી સંઘજ સાચો. પ્રભુની પવિત્ર આજ્ઞાનો સ્વચ્છંદપણે અનાદર કરનારને તો હાડકાંનો ઢગલોજ કહ્યો છે. આજ્ઞા સંબંધી એટલું તો અવશ્ય લક્ષ્યગત રહેવુંજ જોઇએ કે શ્રી જિનેશ્વરદેવે મહામંગળકારી અહિંસા (દયા), સંયમ (આત્મનિગ્રહ) અને તપ લક્ષણ ધર્મ વખાણ્યો છે, તેનું સેવન કરવા સહુ કોઇ ધર્માર્થી ભવ્યોએ પોતપોતાની શક્તિ અનુસારે મન, વચન, કાયાવડે ઉદ્યમ કરવોજ જોઇએ. જે કોઇ કાર્ય કલ્યાણકારી છતાં પોતાથી સંપૂર્ણતયા બની ન શકે તો તે કરવા અન્ય અધિકારી જીવને બનતી સહાય કરવી, અને જે કોઇ એ કલ્યાણમાર્ગનું સેવન કરતા હોય તેમનું અનુમોદન તો કરવુંજ. આ રીતે સદ્વર્ત્તન રાખવાથી કોઇ પણ અંશે પ્રભુની પવિત્ર આજ્ઞાનું પાલન કર્યું કહેવાય. અહિંસાદિક ઉત્તમ ધર્મનું સેવન કરવું, કરાવવું અને અનુમોદનાદિક કદાચ નજ બની શકે તો છેવટે તેની નિંદાથી તો સદંતર દૂર રહેવુંજ. કેમકે તેવા પવિત્ર ધર્મની કે ધર્મીજનોની નિંદા કરવાથી નિંદા કરનાર જનોની એટલી બધી અધોગતિ થાય છે કે તેમાંથી તેમનો ઉદ્ધાર મહાસુશીબતે જ થવા પામે છે. દશ દ્રષ્ટાન્તે દુર્લભ માનવભવાદિક ઉત્તમ ધર્મસામગ્રી પામીને જેમુગ્ધ જનો તેનો કશો લાભ લઇ શકતા નથી અને ઉલટા તેનો ગેરઉપયોગ કરીને અધર્મનુંજ સેવન કરે છે, હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, પરિગ્રહમમતા, રાત્રીભોજનાદિક નિષિદ્ધ માર્ગનું સેવન કરે છે, ક્રોધાદિક કષાય, રાગદ્વેષાદિક વિકારો વધાર્યા કરે છે, નિંદા, ચાડી, વિકથા, કલેશ, કંકાસાદિક કર્યાજ કરે છે, અન્ય ઉપર અછતા આળ ચઢાવ્યા કરે છે, વિશ્વાસઘાત-છળપ્રપંચ-કપટ રચનાજ કર્યા કરે છે, મુખે મિઠાશ અને હૃદયમાં હલાહળ ઝેરજ રાખ્યા કરે છે તથા મિથ્યા ભ્રમણામાંજ ભમ્યા કરે છે, તે બાપડા આ બધી અમૂલ્ય સામગ્રીને હારી જઇ પાપ—કર્મવશ અનંત ભવસાયરમાં ડૂબે છે, અને અનંતા જન્મ—મરણાદિકનાં દુઃખને સહ્યાં કરે છે; તેથીજ પરમાર્થદર્શક શાસ્ત્રકારો પોકારી પોકારીને કહે છે કે વિષય, કષાય અને વિકથાદિક પ્રમાદાચરણ તજી જ્ઞાની સદ્ગુરૂનાં પાસાં સેવી, વિનય બહુમાનપૂર્વક સદ્બોધ સાંભળી, તેને હૃદયમાં ધારી રાખી, હંસની પેરે વિવેક આદરી, યથાશક્તિ વ્રત નિયમોનું પાલન ઉલ્લસિત ભાવે કરી આ અમૂલ્ય તકને સાર્થક—સફળ કરી લેવા નહિ ચૂકવું એજ પરમબંધુ પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞાનું આરાધન કરવાનો અમોઘ ઉપાય છે. જેમ કોઇ એક ઉપગારી સુવૈદ્યના વચનાનુસારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઔષધનું સેવન કરનાર વ્યાધિવંત માણસ સર્વ વ્યાધિથી મુક્ત થઇ શકે છે, તેમ પરમઉપગારી વીતરાગ પ્રભુનાં એકાન્ત હિતકારી વચનોને પૂર્ણ શ્રદ્ધા-રૂચિથી સેવનારા ભવ્ય જનો સકળ રાગ, દ્વેષ અને મોહાદિક મહા રોગથી સર્વથા મુક્ત થઈ પરમ શાન્તિને પામે છે. ઇતિશમ્.

# पढमं नाणं तओ दया.

(લેખક—સ. ક. વિ.)

## પ્રથમ જ્ઞાન (સમજ) અને પછી દયા—અનુકંપા.

"હિંસા કે અહિંસાના ભેદ ડહાપણથી સમજવા યોગ્ય છે."

**'પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા.'**—વિષય કષાયાદિક પ્રમાદવશ મન વચન કાયાથી સ્વપર પ્રાણનો અંત કરવો તે **હિંસા** કહેવાય છે.

આવી દુષ્ટ હિંસાનો જ્યાં અભાવ હોય તેનેજ **અહિંસા** અથવા **દયા** જાણવી. આપણે સહુ દયા અથવા અહિંસાનો લાભ ઇચ્છીએ ખરા, પરંતુ તેવો લાભ ઇચ્છતા એવા આપણે આપણા વર્તનમાં કેટલા સાવધાન રહેવું જરૂરનું છે તે હિંસા કે અહિંસાની સામાન્ય વ્યાખ્યા ઉપરથીજ સ્પષ્ટ સમજી શકાય એવું છે. મૂળ વ્યાખ્યામાં આવેલ 'પ્રમત્ત યોગ' નો ખુબ ખ્યાલ રાખવાની જરૂર છે. **પ્રમત્ત યોગ** એટલે પ્રમાદવાળા યોગ-પ્રમાદયુક્ત યોગ. તે પ્રમાદ કયા ? સામાન્યત: મદ (Intoxication), વિષયાસક્તિ (Sensual appetite),-ક્રોધાદિ કષાય, નિદ્રા-આળસ અને વિકથા-નકામી કુથલી એ પ્રમાદરૂપ કહેલ છે. ટુંકાણમાં કહીએ તો નિષ્કારણ બંધુરૂપ સર્વજ્ઞ વીતરાગ દેવે આપણા એકાન્ત હિત માટે જે કંઇ હિત આચરણ કરવા માટે ઉપદિશ્યું છે તે હિતોપદેશનો આપમતિથી અનાદર કરી સ્વચ્છંદપણે ચાલવું, ખાવું, પીવું વિગેરે મોજ માણવી એનેજ શાસ્ત્રકાર પ્રમાદ કહે છે. અજ્ઞાન મિથ્યાત્વાદિક દોષ માત્રનું પોતાનીજ બેદરકારીથી સેવન કર્યા કરવું તે પણ પ્રમાદરૂપ જ લેખાય. ઉક્ત પ્રમાદવાળાં મન વચન કાયા કહો કે વિચાર વાણી અને આચાર કહો તેજ પ્રમાદયોગ-એટલે પ્રમાદયુક્ત મન વચન કાયાના વ્યાપાર જાણવા. આવા પ્રમાદાચરણથી પોતાના કે પરાયા પ્રાણનો અંત કરવામાં આવે તેનું નામ **હિંસા.** એ પ્રાણ બે પ્રકારના—**દ્રવ્ય** અને **ભાવરૂપ** કહ્યા છે. શ્રોત્રાદિક પાંચ ઇન્દ્રિયો, મન વચન અને કાયબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશને દ્રવ્ય પ્રાણસંજ્ઞા તથા જ્ઞાન દર્શન ચારિત્ર અને વીર્ય-શક્તિને ભાવપ્રાણની સંજ્ઞા આપેલી છે. દ્રવ્યપ્રાણનો નાશ થાય તે **દ્રવ્યહિંસા** અને ભાવપ્રાણનો નાશ-લોપ થાય તે **ભાવહિંસા** જાણવી. એ બંને પ્રકારની હિંસા તજવા યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; પરંતુ દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા અત્યંત દુષ્ટ કહી છે. જે રીતે સ્વપર ભાવ હિંસાના દોષથી બચી શકાય અને સ્વપર ભાવપ્રાણીની રક્ષારૂપ ભાવદયાનો લાભ હાંસલ થાય તેવા લક્ષપૂર્વક સ્વપર દ્રવ્ય પ્રાણની પણ રક્ષા કરવા સાવધાન રહેવું ઉચિત છે. ઇતિશમ્.

# आपणा केटलाक सामाजिक सवालो.[1]

## (વિચારક મંડળ, સમય અને પરિસ્થિતિ.)

## (२)

આપણી સામાજિક પ્રવૃત્તિઓ તરફ નજર કરતાં સહજ લાગી આવે છે કે આપણે વિચાર કરવાની બહુ જરૂર છે. જનસમાજમાં વ્યાપારની નજરે, લાગવગની નજરે, જવાબદારીઓને અંગે આપણા વિચારશીળ મગજોએ એકઠા થઇ બહુ લાંબો વિચાર કરવાની જરૂર છે. આપણા સમાજનું પૂર્વકાળમાં સ્થાન શું હતું, આપણી વર્ત્તમાન પ્રવૃત્તિઓ જે આકાર અને દિશામાં અત્યારે છે તેજ આકારમાં અને તેજ દિશામાં ચાલુ રહે તો આપણે સખ્ત હરીફાઇનો સમયમાં કેટલો વખત ટકી રહીએ, આપણી પ્રવૃત્તિઓમાં ફેરફાર કરવો ઇષ્ટ અને જરૂરી છે કે નહિ, જો તેમ હોય તો ધર્મના અચળ સિદ્ધાન્તોને વળગી રહી ફેરફાર થઈ શકે તેમ છે કે નહિ તે સર્વનો ઐતિહાસિક નજરે વિચાર કરવાની જરૂર છે. વિચાર કરી શકે તેવો વર્ગ સમાજમાં સરખામણીએ ઓછો હોય છે, કારણકે આખા સમાજની પ્રવૃત્તિનું પ્રથક્કરણ કરી ભૂત અને વર્ત્તમાનકાળનો, અન્ય પ્રજાનો અને પોતાનો ઇતિહાસ અને આપણી જવાબદારી અને શાસ્ત્રના અવિચળ સિદ્ધાન્તો અને ઉપદેશોનું પ્રથક્કરણ કરી તેમાં મૂળ બાબતો અને શિક્ષણીય સૂચનાઓ વચ્ચે તફાવતો સમજનાર અને તે અનુસારે પ્રવૃત્તિની રેખાઓ દોરી સંકળના કરનાર સર્વ મગજો હોઇ શકતા નથી. આવી બાબતમાં નિર્ણય કરવા માટે અભ્યાસ અને અનુભવ બન્નેની પૂરતી જરૂર છે અને જે વિચારશીળ બંધુઓમાં આ બન્નેનો આનંદદાયક સહયોગ થઇ ગયો હોય છે તેઓની સેવા સર્વથી વધારે ઉપયોગી ગણાય. મતલબ

૧ આ વરસના વૈશાખ માસના અંકના પૃષ્ટ ૫૧ ના અનુસંધાનમાં આ લેખ છે, એના સંબંધ વગર વાંચવામાં આવશે તો પણ સમજાય તેવો છે. હવે આ લેખને ઘણુંખરૂં દરમાસે આગળ ચલાવવામાં આવશે. અહીં જે ચર્ચા ઉપસ્થિત કરી છે તે આપણા જીવન માટે-પ્રગતિ માટે બહુ ઉપયોગી હોવાથી જરૂર તે ચર્ચા ઉપાડી લેવામાં આવશે એટલી વિજ્ઞપ્તિ છે.

મો. ગિ. કાપડિયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ છે કે ઉપર જણાવેલી સર્વ બાબતોને એકઠી કરી તે અનુસારે નિર્ણયો કરી શકે તેવા બંધુઓની સંખ્યા ઘણી નાની હોય છે.

વિચારશીળ વર્ગે વિચાર કરતી વખતે ઘણી બાબતો ઉપર લક્ષ્ય રાખવું પડે છે. ખાસ કરીને પૂર્વબદ્ધ વિચારોને વશ થવાથી અથવા તરંગવશ થવાથી વિચારની શુદ્ધતા રહી શકતી નથી. જેઓ પૂર્વબદ્ધ વિચારોને તાબે રહે છે તેઓ સમાજને લાભ કરી શકતા નથી. તેઓની નજર ભૂતકાળ ઉપરજ રહે છે અને વર્ત્તમાન પરિસ્થિતિ સામે આંખો બંધ કરી ચાલનાર અથવા ફેરફારની સામે વગર વિચારે અભિપ્રાય બાંધી દેનાર સાચા હિતકારક નિર્ણયપર આવી શકતા નથી. ફેરફાર કર્ત્તવ્ય છે, જરૂરી છે અને દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ અનુસારે ફેરફાર કરવાની આજ્ઞા છે એ દલીલ જે સ્વીકારતા અને સમજતા હોય તેઓજ આવા મહત્ત્વના વિષયમાં માથું મારવાને યોગ્ય ગણી શકાય. આપણો પ્રાચીન ઇતિહાસ આ હકીકત બતાવે છે, આચાર્યોના વર્ત્તનો-હુકમો એની સાક્ષી પૂરે છે અને જૈન સિદ્ધાન્ત એ વાતને પ્રતિપાદન કરે છે. મૂળ બાબતોને હાનિ ન થાય એ વાત બરાબર નજરમાં રાખી અંદર ગમે તેટલા ફેરફાર દેશકાળાનુસાર કરવામાં આવે ત્યારે તેમાં યોગ્ય અંકુશ રાખવા માટે આ અગત્યનો સિદ્ધાન્ત સમજનાર અને સાથે સમયધર્મને ઓળખનાર અને સર્વગ્રાહી વિદ્વાન્ અનુભવીઓની સલાહની પણ જરૂર છે. યોગ્ય મર્યાદામાં રહી વિચારપૂર્વક ફેરફાર કરવાની જરૂર છે અને તે માટે **અભ્યાસ અને અનુભવ** ખાસ કરીને કામ લાગે છે એટલી વાતનો નિર્ણય કરી આપણે હવે આ સંબંધમાં વધારે વિચાર કરીએ.

ગમે તેટલો અભ્યાસ હોય, શાસ્ત્ર અને ઇતિહાસનું અવગાહન ગમે તેટલું થયું હોય તો પણ આવા મહત્ત્વના વિષયમાં એક માણસના વિચારો ઉપર આધાર રાખી શકાય નહિ. મનુષ્ય મગજનું બંધારણ એવા પ્રકારનું છે કે એની વર્ત્તમાન છદ્મસ્થ સ્થિતિમાં એ આવા મહત્ત્વના વિષયમાં એકલો નિર્ણયો કરી શકે નહિ, અથવા એ નિર્ણયો કરે તો તે છેવટના ગણી શકાય નહિ. ચર્ચા થાય ત્યારેજ કેટલીક બાબતો તરફ લક્ષ્ય જાય છે, જે મુદ્દાઓ તરફ ઉપેક્ષા રહી હોય તે ચર્ચામાં બહાર આવે છે, અણધારી મુશ્કેલીઓ અનુભવીઓ દીર્ઘ નજરથી જોઇ શકે છે અને ઘણીવાર વિચારપથમાં જે બાબત સ્પષ્ટ નથી હોતી તે વિચાર કરનારને પોતાને પણ ચર્ચા કરતી વખતે સ્પષ્ટ બતાવવા જતાં સ્પષ્ટ થઈ જાય છે. ચર્ચા કરતી વખતે વિચારને આકાર આપવો પડે છે, કારણકે વિચારો આકાર વગર બતાવી-જણાવી શકાતા નથી અને જણાવવાનો આકાર ગોઠવતાં હકીકત જણાવનારને પોતાને પણ બરાબર સ્પષ્ટ થાય અથવા વધારે સ્પષ્ટ થાય છે. વળી ગમે તેટલો અભ્યાસ કે અનુભવ અથવા બન્ને હોય તોપણ તેને હદ (limitations)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે અને તેથી તેમાં અન્યના અનુભવ અને જ્ઞાનથી સુધારણાનો અવકાશ રહે છે. આથી નિર્ણયો કરવા માટે ચર્ચા કરવાની બહુ જરૂર છે અને તેવી ચર્ચામાં સામાન્ય મનુષ્યોને કાં તો સ્થાન ન હોવું જોઇએ અને હોય અથવા આપવું જરૂરી ધારવામાં આવે તો માત્ર શ્રોતાઓનું સ્થાનજ મળવું જોઇએ. મગજ અને હૃદયનું કામ જીભ કરી શકતી નથી અને હૃદય વગરનાને માત્ર જીભનો અપ્રતિબદ્ધ ઉપયોગ કરવાની રજા મળે તો ચર્ચાનું ગૌરવ ઘટી જાય છે, અર્થ વગરના શાબ્દિક ઝગડામાં વાત પડી જાય છે અને જીવ જેવું પરિણામ લાવી શકાતું નથી; એટલુંજ નહિ પણ વિનાકારણ કેટલીક વાર ખોટો કચવાટ ઉત્પન્ન કરવાના પ્રસંગો એથી ઉભા થવાનો ઘણો સંભવ રહે છે.

આટલા હેતુ લક્ષ્યમાં લઇને વિચારશીળ બંધુઓએ સમાજહિતના સવાલો પર વિચાર કરવાની અને ચર્ચા કરવાની જરૂર છે, અભ્યાસ અને અનુભવનો સંપૂર્ણ લાભ આપી શકાય તેટલા માટે પદ્ધતિસર મેળાવડા કરવાની જરૂર છે, અને મેળાવડામાં દરેક અભિપ્રાય ધરાવનાર વ્યક્તિઓ ઉત્સાહથી ભાગ લે તેવી યોજના કરવાની જરૂર છે. આવી યોજનામાં જે એક મોટી બાબત ખાસ અગત્ય ધરાવે છે તે વિચારોને સ્પષ્ટપણે અને સ્વતંત્રપણે બતાવવાની સગવડ કરી આપવાની છે. જો વિચારોને દાબી દેવાનો પ્રયત્ન થાય તો સત્ય શોધન થઇ શકતું નથી, અને તદ્દન નિરંકુશતાને સ્થાન આપવામાં આવે તો સ્વછંદતામાં તેનું પરિણામ આવે છે અને આ બેમાંથી એક પણ પરિણામ ઇષ્ટ નથી. કોમ અને ધર્મ પ્રગતિના સવાલો પર યોગ્ય વિચાર કરવા માટે સને ૧૯૦૨ માં જૈન કોન્ફરન્સ નામનું એક શ્વેતાંબર મંડળ રા. રા. ગુલાબચંદજી ઢઢ્ઢાએ સ્થાપવા પ્રેરણા કરી અને ત્યારપછી તેનું કાર્ય ચાલ્યા કર્યું છે. એ મંડળ પદ્ધતિસર વિચાર કરવાની શરૂઆત રૂપે હતું અને તેની યોજના અને ઘટના કરવામાં તેના વિચારશીલ સંચાલકોએ બહુ વિચાર કર્યો હતો; છતાં એવા પદ્ધતિસર રચાયલા બંધારણને જોઇએ તેવું સ્થાન આખરે ન મળ્યું તેના કારણોનો વિચાર કરવાની જરૂર છે. એ મંડળની મૂળ ભૂમિકા અને વર્તમાન સ્થિતિ પર ખાસ ઉહાપોહ કરવાની જરૂર છે, કારણકે એવા મંડળની સ્થિતિસ્થાપકતા પર કોમના ભવિષ્યનો મોટો આધાર છે. એ મંડળ–ધોરણસર સ્થપાયલી સંસ્થા અત્યારે ડગુમગુ સ્થિતિ શા માટે ભોગવે છે અને તેના સંબંધમાં વિશેષ કર્તવ્ય શું છે તે વિચારવાની બહુ જરૂર છે, એ સંબંધી ઘણી ખંતપૂર્વક ચર્ચા ચલાવવાની જરૂર છે અને એને નિયમમાં લાવવાની જરૂર છે. કારણકે આપણી નાની સમાજના સ્વાત્મ જીવન માટે વિચારશીલ આગેવાનોએ એકઠા મળી વિચાર કરવાની તો જરૂર ખાસ છેજ. પછી એવા મેળાવડાને કોન્ફરન્સનું નામ આપવામાં આવે, પરિષદનું નામ આપવામાં આવે, તેને સંમેલન કહેવામાં આવે કે મંડળ,

For Private And Personal Use Only

કાર્યાલય, સભા, સંસ્થા કહેવામાં આવે તેની સાથે આપણે સંબંધ નથી, પણ સમાજના સવાલો પર વિચાર કરનાર કોઇ પણ સંસ્થાની જરૂર છે અને તેવી એક સંસ્થા આપણામાં હૈયાત હતી અથવા કાંઈક કાંઇક આકારરૂપે હજુ પણ હૈયાત છે તો તેનો શરૂઆતથી અભ્યાસ કરી તેના ચર્ચાના રૂપ આકાર અને સ્થિતિ પર ચર્ચા કરી એ બંધારણમાંથી જાણવા લાયક તત્ત્વોને બહાર લાવી ભવિષ્યની ચર્ચામાં તેનો ઉપયોગ કરવાની જરૂર છે.

કોન્ફરન્સના આખા સવાલમાં ઉતરવા જતાં વિષય ઘણો લંબાઇ જવા સંભવ છે તેથી આપણે અત્ર તેના મુખ્ય મુદ્દાઓ ઉપરજ વિચાર કરશું અને તેમાંથી સારગ્રાહી નિર્ણયો ઉપર આવવા પ્રયત્ન કરશું. આ ચર્ચા ઉપસ્થિત કરવાનો હેતુ એકજ છે. એમાં કોઇ વ્યક્તિની ટીકા કરવાનો પ્રસંગ આવશેજ નહિ અને તેવો ઉદ્દેશ છેજ નહિ, માત્ર અતિ વિશાળ પાયા પર રચાયલા એ મહાન્ બંધારણની શીર્ણવિશિર્ણ સ્થિતિ જોતાં મનમાં અસહ્ય ખેદ થાય છે અને એક એવા વિચાર કરનાર મંડળની જરૂરીઆત છે એમ જણાતાં જ્યારે એ મંડળ ચાલતું હતું અને કાંઇક ચાલતું જણાય છે તો તેના અનુભવનો લાભ લેવાની ખાસ જરૂર રહેજ. આથી સામાજિક સવાલોની વિચારણામાં એક ઘણા મહત્વના પ્રશ્ન ઉપર આપણે ઉતરી જઇએ છીએ, પણ એ વિચારણા જરૂરની છે. આ ચર્ચા ઉપસ્થિત કરતાં કેટલીક વાર એ સંસ્થાની કાર્યવાહીને અંગે લખનારે કાંઇક ભાગ લીધેલ હોય તેના નિર્ણયોમાં સ્પષ્ટતા ન જણાય તો તેને સુધારવાનું અને તેને વધારે સ્પષ્ટ આકારમાં મૂકવાનું કાર્ય અન્ય વિચારકોને શીર રહેશે. કોમની હૈયાતી માટે, ધર્મની પ્રગતિ માટે, અનેક જવાબદારીઓને પહોંચી વળવા માટે, અચળ સિદ્ધાન્તો જગતની અંદર સત્ય આકારમાં વિશાળપણે ફેલાવવાની યોજના કરવા માટે અને શ્રી વીર પરમાત્માના શાસનને જીવતું રાખવા અને દીપાવવા માટે અતિ જરૂરની આ ચર્ચાપર વિચાર કરી ચર્ચા કરી શકે અથવા લેખો લખી શકે તેમણે આ ધર્મના મહા પૂજનની વેદિકા ઉપર બની શકે તેટલાં નૈવેદ્ય ધરવાની આવશ્યકતા છે. એટલું જણાવી વસ્તુસ્વરૂપને ચર્ચેલ છે તેને તેજ આકારમાં અને તેજ ભાવે સ્વીકારી તેને આગળ વધારવાનો પ્રયત્ન કરવાની સાચી પ્રાર્થનાપૂર્વક મૂળ બાબત પર હવે આવી જઉં છું.

કોન્ફરન્સના બંધારણની યોજના કરવામાં આવી ત્યારે આદર્શ તરીકે એવા પ્રકારનું રીતસરનું બીજું બંધારણ ન હોવાથી નેશનલ કોંગ્રેસનું આદર્શ લક્ષ્યમાં રાખીને તે અનુસાર બંધારણ મોટે ભાગે રચાયું. અહીં યાદ રાખવાની જરૂર છે કે શ્વેતાંબર કોન્ફરન્સ પહેલાં મોટા પાયા ઉપર પરિષદો બોલાવવાનો અખતરો કોઇ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોમે કર્યો નહોતો. ત્યારપછી ઘણી પરિષદોની યોજનાઓ થઈ, પણ જૈન શ્વેતાંબર કોન્ફરન્સની યોજના પહેલાં ખાસ આદર્શ તરીકે લઇ શકાય એવી કોઇ રચના હૈયાત ન હોવાથી બંધારણ માટે ઘણો વિચાર કરવો પડ્યો અને પરિણામે કોંગ્રેસની યોજનામાં કાંઈક ફેરફાર કરી કાર્ય શરૂ કર્યું. રીતસર લેખીત બંધારણ તો બહુ મોડું થયું. હવે કોંગ્રેસની યોજના અને કોન્ફરન્સની યોજના ઘણી રીતે એક સરખી રહી, પણ તેનાં કાર્યક્ષેત્રો ઘણાં જૂદા હોવા છતાં ઠરાવો પસાર કરવાની પદ્ધતિ તેનીજ સ્વીકારવામાં આવી. કોંગ્રેસને ઠરાવો કરી તેનો અમલ અન્ય પાસે કરાવવાનો હતો, કોન્ફરન્સના મેંબરોએ જાતે કરવાનો હતો; કોંગ્રેસને સરકાર પાસે માગણી કરવાની હતી, કોન્ફરન્સને અન્ય પાસે માગવાનું નહોતું; છતાં બીજાઓને સૂચના રૂપેજ ઠરાવો કરવાની પદ્ધતિ સ્વીકારવામાં આવી. ઠરાવોનો અમલ કરવાનું કાર્ય તેથી સ્વાભાવિક રીતે લોકમતની કેળવણી ઉપર રહ્યું. સામાન્ય જનસ્વભાવ એવો છે કે એના કાર્ય ઉપર જ્યાં સુધી અંકુશ ન હોય, ઠરાવને અમલમાં ન મૂકનાર ઉપર કોઇ પ્રકારની શિક્ષાનો ભય ન હોય ત્યાં સુધી ઠરાવોનો બરાબર અમલ થતો નથી. સરકાર કાયદાઓ કરે છે તેને અમલમાં મૂકાવવાની સત્તા તેનામાં હોય છે અને યોગ્ય ચર્ચા કર્યા પછી કરેલ કાયદાઓ લોકોને પાળવા પડે છે. કોન્ફરન્સ ઘણું મોટું મંડળ હોવા છતાં તેની પછવાડે ઠરાવોનો અમલ કરવાને અંગે રહેવી જોઈતી સત્તા તેણે હાથ ધરેલી ન હોવાથી માત્ર તેનું કાર્ય લોકમત કેળવવા પૂરતુંજ રહ્યું.

બંધારણમાં શરૂઆતથી આ પદ્ધતિ સ્વીકારવામાં આવી તેથી લોકમત કેળવવાનું કાર્ય તો કોન્ફરન્સે ઘણું કર્યું. લોકોને વિચાર કરતા શિખવ્યા, લોકમતને વ્યક્ત કરતાં શિખવ્યા, જરૂરના સવાલોને અગાડી લાવી મૂકયા, ચર્ચા કરવાના પ્રસંગો પ્રાપ્ત કર્યા અને માર્ગદર્શક તરીકે ફરજ બજાવી. ચર્ચાનું, વિવેચનનું, અને નિર્ણયોનું કાર્ય કરે તેવા વિચારક મંડળની જે જરૂર આપણે શરૂઆતમાં જોઇ છે તે કાર્ય તેણે બહુ સારી રીતે કર્યું અને વધારે સારૂં થઇ શકે તેવા સંયોગો ઉત્પન્ન કર્યા, પણ દરમ્યાન એક ઘણી ગંભીર પરિસ્થિતિ ઉભી થઇ. આપણી કોમ ચર્ચાનું સ્વરૂપ અને કોન્ફરન્સના બંધારણની પરિસિમા બરાબર ન સમજી શકવાથી ફળની બાબતમાં અધીરી થઈ અને માત્ર ઠરાવોની જરૂરીઆત ન સમજી તેમને અમલમાં મૂકવાની જરૂરીઆતને આગળ કરવા માંડી. આને પરિણામે કોન્ફરન્સ એક વિચારક મંડળ હતું, તેને બદલે તેણે કેટલાંક કાર્યો. અને યોજના અમલમાં મૂકવાનું હાથ ધરવા વિચાર કર્યો. આ ફેરફાર આખા બંધારણ ઉપર અસર કરનારો હતો અથવા મૂળ હેતુથી તદ્દન જૂદી અથવા ઉલટી દિશાએ જનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો, છતાં ફળની આકાંક્ષાવાળા લોકમતને શરણ થવાની નબળાઇ બતાવી કેટલીક યોજનાઓ હાથ ધરવાની શરૂઆત કરી દેવામાં આવી.

યોજનાઓ હાથ ધરવાનું પરિણામ એ થયું કે કોન્ફરન્સનું જે કાર્ય લોકમત કેળવવાનું હતું તે કાર્ય ગૌણ થતું ગયું અને અમુક કોન્ફરન્સમાં કેટલા પૈસા એકઠા થયા, કેટલી સખાવતો જાહેર થઇ, કેટલી કમીટીઓ નીમાઇ વિગેરે બાબતો પર તેની ફત્તેહની તુલના થવા લાગી. કોન્ફરન્સ જેવા વિચારક મંડળે નવા નવા ખાતાઓ સ્થપાય તેનો રિપોર્ટ લેવાની જરૂર હતી, કોન્ફરન્સની ચળવળને પરિણામે અન્ય લોકો જે કાર્ય કરે તેને સારૂં રૂપ આપવાની, યોજનાઓ કરવાની અને પ્રેરણા કરવાની તેની દિશા હતી, તેને બદલે રિપોર્ટ આપવાની સ્થિતિમાં તે બંધારણ આવી પડ્યું. આનું પરિણામ એ થયું કે કોમની અનેક ખાતાઓને અંગે જરૂરીઆતો ઘણી મોટી અને તેને અંગે બહુ અલ્પ થઇ શકે—સો ટકા જરૂર હોય ત્યાં બે ટકા પણ પૂરા થઇ શકે નહિ—એટલે જે મોટી મહાન્ ભાવના અને આદર્શો એક બાજુએથી કોન્ફરન્સ રજુ કરે તેને પહોંચી વળવા જેટલું તેનામાં સામર્થ્ય ન હોવાનું સમાજના લક્ષ્યપર આવવા લાગ્યું. સાધારણ મનુષ્યો એમ કદી ન સમજી શકયા કે આખી કોમ કાર્ય કરે તો કોન્ફરન્સ કાર્ય કરે—કોમની વ્યક્તિઓનો સરવાળો એ કોન્ફરન્સ છે. એના કાર્યને અંગે ૯૮ ટકા બાકી રહે—તેને અંગે જે વ્યક્તિઓની હોંશો અને અભિલાષાઓ પૂરી ન પડે તેને કોન્ફરન્સના કાર્ય ઉપર પ્રેમ ઓછો થવા લાગ્યો અને કોન્ફરન્સ જાણે અમુક માણસોનીજ હોય એવા તદ્દન ખોટા ખ્યાલમાં આવીને ન કરવી ઘટે એવી અવ્યવસ્થિત ટીકા થવા લાગી. બંધારણના નિર્ણયના અભાવે અને વિગતવાર કાર્યમાં ઉતરવાને અંગે ચર્ચા, વિચારણા અને લોકમત કેળવવાના ક્ષેત્રને મૂકી દેવાથી આવી પરિસ્થિતિ થઇ.

કોન્ફરન્સના કાર્યમાં જરૂરી વિગતો હાથ ધરવાની, ફંડો કરવાની અને રિપોર્ટ આપવાની ગોઠવણ પ્રથમથીજ થઇ ગઇ એટલે એ સંસ્થા વિચારક મંડળ હોવું જોઇએ તેને બદલે સાથે અમલ કરનાર મંડળ શરૂઆતથીજ થઇ ગયું અને રિપોર્ટ લેવાને બદલે આપવાની સ્થિતિ બીજી કોન્ફરન્સ મુંબઇમાં મળી ( સને ૧૯૦૩ ) ત્યારથીજ સ્વીકારાયું. વાસ્તવિક રીતે જોઇએ તો જો કે ત્યારપછી કોન્ફરન્સના ભવ્ય મેળાવડાઓ થયા અને કોન્ફરન્સે લોકમત કેળવવાનું કાર્ય ચાલુ રાખ્યું, છતાં તેની યોજનામાં મૂળથી ફેરફાર થઇ ગયો. તેને પરિણામે આખી સંસ્થાને એક યોજના તરીકે વહન કરવાની શરૂઆત ત્યારથી થઇ ગઇ. લોકરૂચિ તે વખતે આ વલણ તરફ દોરાઇ અને કાર્યવાહકોને આવી પ્રવૃત્તિ ઉચિત લાગી પરંતુ તે વખતે ઘણી લાગણી છતાં એ સંસ્થાના પાયા નિર્બળ થવાની શરૂઆત થઇ.

ત્યારપછી કેટલાક એવા બનાવો બનતા ગયા કે એ યોજનાએ જે સ્વરૂપ ધારણ કરવું જોઇએ તેનાથી દૂર દૂર તે જતી ગઇ. આ પ્રસંગે એક વાત ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્યપર રાખવાની જરૂર છે. કાર્યવાહકોને માથે કોઈ પ્રકારનો આરોપ કરવા કરતાં આજુબાજુના સંયોગો લક્ષ્યમાં રાખવાની જરૂર છે. એક તો જે વખતે આપણી કોન્ફરન્સની યોજના કરવામાં આવી ત્યારે આપણી પાસે તે વખતે બીજી કોઇ વિશાળ યોજના આદર્શ તરીકે હતી નહિ, માત્ર ભાષણ કે ઠરાવોને અંગે નેશનલ કોંગ્રેસની યોજના હતી અને કોમીય પરિષદો તે વખતે લગભગ ભરાતીજ નહિ અને કદાચ કોઈ નાનો છુટોછવાયો પ્રયત્ન તે દિશામાં થયો હોય તો તેણે તે વખતે ખાસ ધ્યાન ખેચ્યું નહોતું. મુંબઇ ઇલાકાના ઇતિહાસમાં કોમીય પરિષદ્‌ની શરૂઆત મોટા પાયા ઉપર કરી હોય તો આપણી કોમેજ છે અને તે યોજનાને વિચારકમંડળ ઉપરાંત અમલ કરનાર સંસ્થા તરીકે પણ શરૂઆતમાં ફત્તેહમંદ બનાવવાનું કાર્ય આપણેજ કર્યું છે. આખા પ્રાંતનો સને ૧૯૦૩ પછીનો ઇતિહાસ તપાસવામાં આવશે તો ત્યારપછી ઘણી કોમીય સંસ્થાઓ થઇ, હૈયાતીમાં પણ ત્યારપછી આવી અને તે દરેક સંસ્થાએ આદર્શ તરીકે જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું બંધારણ હાથમાં લીધું. આ સંબંધમાં એક દાખલો આપવો યોગ્ય થઇ પડશે. સને ૧૯૦૮ માં લુહાણા બંધુઓએ પોતાની કોમીય કોન્ફરન્સની સ્થાપના કરી. તેઓએ પોતાનું બંધારણ આપણી કોન્ફરન્સને બરાબર અનુરૂપ ગોઠવ્યું અને આપણા રિપોર્ટો વાંચીને તે અનુસાર ઘટના કરી. એમનું બંધારણ ત્યાર પછી સારૂં ચાલ્યું અને દરેક પરિષદ્ વખતે લાખો રૂપીઆના ફંડો કરી ઠામ ઠામ કેળવણીની બોર્ડીંગો, છાત્રાલયો અને સ્કુલોની યોજના કરી. અત્યારે નાના નાના ગામ અને શહેરોમાં લુહાણા ભાઇઓ કેળવણીની સારી સંખ્યામાં સંસ્થાઓ ધરાવે છે, અને એ કોમ થોડા વખતમાં ઘણી આગળ આવતી ગઇ છે. એમણે આત્મભોગ આપનાર વર્ગ ઉભો કર્યો છે, એમણે વ્યાપારનાં ક્ષેત્રો હાથ ધર્યાં છે અને આખી કોમની પ્રગતિ થવાના માર્ગો સીધા સરલ અને સ્પષ્ટ કરી બતાવ્યા છે. એમના આગેવાન કાર્યવાહકો આપણી કોન્ફરન્સની યોજનાના મુક્તકંઠે વખાણ કરે છે અને હજુ પણ જ્યારે જ્યારે તેમને મળવાનું થાય છે ત્યારે કબુલ કરે છે કે જૈન કોમે જે યોજના કરી છે તેનો તેઓએ પૂરતો લાભ લીધો છે. આ સિવાય બીજી નાની નાની કોમોએ અત્યાર પછી ઓછી વધતી ફતેહ સાથે પરિષદની યોજના અમલમાં મૂકી છે અને તે સર્વેએ લગભગ વગર અપવાદે આપણી યોજનાની લાઇન ઉપર કાર્ય કર્યું છે. આથી એક વિચારકમંડળ વ્યવહારૂ યોજના હાથમાં લે તો તેથી તદ્દન આગળ ન વધી શકવાની સ્થિતિમાંજ આવી જાય અથવા ધારેલ પ્રગતિ ન કરી શકે એમ માનવાનું કારણ નથી. જો કે એટલું તો ખરૂં છે કે વિચારકમંડળ વ્યવહારૂ યોજના હાથમાં લે અને અમલ કરવાનું કાર્ય શરૂ કરે ત્યારે તે પોતાને બહારના સખ્ત હુમલા થવાની સ્થિતિમાં મૂકે છે અને અભિલાષા પૂરી ન થનારની અયોગ્ય-અઘટતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકા અને કચવાટને પાત્ર બનાવે છે એ વાત તો ઉભી રહે છે, છતાં જો તેને અમલમાં મૂકનારાઓ મક્કમ ખંતવાળા અને ભોગ આપનાર હોય તો પરિણામમાં ઘણો લાભ નીપજાવી શકે છે એ પણ આજુબાજુના આપણા પરિચય અને પરિણામથી સ્પષ્ટ થાય છે.

આટલા વિચારને પરિણામે એટલું જણાય છે કે વિચારકમંડળે વિચાર કરવાનું ચર્ચા કરવાનું અને લોકમત કેળવવાનું કાર્ય પોતાને હાથ રાખી યોજના કરી આદર્શો રજુ કર્યા હોત અને અમલનું કાર્ય બીજી સંસ્થાઓ અથવા સ્થાનિક માણસોના હાથમાં મૂકી તેમની પાસેથી વખતો વખત રિપોર્ટ લેવાનું કાર્ય કર્યું હોત તો યોજના બહુ સારી થાત અને નકામી ચર્ચાને સ્થાન કદી ન મળત. એ વાત સ્પષ્ટ હોવા છતાં યોજના હાથ ધરવાના કાર્યથીજ કોન્ફરન્સની યોજના તેની અત્યારની ગંભીર પરિસ્થિતિએ આવી છે એમ લાગતું નથી, તેથી એ યોજનાની વિગતોનો અમલ કરવામાં બીજી કઇ કઇ બાબતો આવી કે જે આપણી વિચારણાને યોગ્ય છે તે પર પણ લક્ષ્ય આપી જઇએ. આવી રીતે સંભાળપૂર્વક વિચાર કરવાથી એ પર ચર્ચા કરવાનું એક સાધન મળશે અને તેનો વિસ્તાર થતાં પરિણામે કોઇ માર્ગદર્શક પરિણામ લાવી શકાશે તો આ પ્રયત્ન સફળ થશે. આ સંબંધી વિશેષ વિચાર હવે પછી કરવામાં આવશે. વિષય ઘણો ગંભીર તેમજ મહત્વનો છે અને બહુ વિચારોને પરિણામે લખ્યો છે. આગળ પૂરતો વિચાર કરી આ અતિ મહત્વના સામાજિક સવાલ પર વિચાર કરવામાં આવશે. આ ચર્ચામાં ભાગ લેવા આગ્રહપૂર્વક સર્વ બંધુઓને વિજ્ઞપ્તિ છે.

## " જેવાં કર્મ તેવાં ફળ. "

આ ભરતક્ષેત્રમાં ભદ્રપુર નામે સુંદર નગર હતું. તેમાં **ભદ્રસિંહ** નામનો ભદ્રક રાજા રાજ્ય કરતો હતો. પોતાની રૈયત સુખી છે કે દુઃખી તે તપાસવાને તે શહેરમાં એકલો ફરવા નીકળતો હતો. એક દિવસ તે નગરચર્યા જોવાને નીકળ્યો. નગરની ગલીકુંચી નિહાળતો નિહાળતો તે એક મોટા ધોરી રસ્તાપર આવી ચડ્યો. તે વખતે રાજાની નજર એક શ્રીમંત ગૃહસ્થની મેડીની બારીપર પડી. ત્યાં એક દંપતી બેઠા બેઠા આનંદમાં કલ્લોલ કરતા હતા. તેને રાજાએ જોયા. એ વખતે એ નગરની એક શાહુકારની સ્ત્રી તેજ રસ્તે થઇ જિનાલયમાં દર્શનાર્થે જતી હતી, તેની નજર પણ તે દંપતી ઉપર પડી, તેથી તે સ્ત્રીએ સ્મિત કર્યું, રાજાએ તે જોયું. તેણે વિચાર કર્યો કે ' આ ગૃહસ્થની સ્ત્રી શા કારણથી હસી ? માટે મારે તેના હસવાનું કારણ જાણવું જોઇએ.' પછી શંકાશીલ રાજા ધીમે ધીમે તે સ્ત્રીની પાછળ ગયો. તે સ્ત્રી જિનરાજના દર્શન કરવા દેવાલયમાં દાખલ થઇ, ભાવથી દર્શન કર્યાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા તેટલો વખત જિનાલયની બહાર ચોકમાં ઉભો રહ્યો. તેટલામાં તે બાઈ જિનરાજના દર્શન કરી બહાર આવી. ત્યારે રાજાએ પૂછ્યું–" હે માતુશ્રી! કૃપા કરી તું મારી શંકાનું સમાધાન કર, કે તું શા કારણથી પેલા દંપતીને જોઈ હસી ?" તે સ્ત્રી બોલી " હે રાજન્! જગતમાં આવા અનેક પ્રસંગો મારા જોવામાં આવે છે, તેવો આ એક પ્રસંગ જોઇને હું હસી, એમાં આપને આશ્ચર્ય શાનું થયું ? સંસારમાં અનેક પ્રકારનાં કૌતુકો થાય છે ને થશે, તેમાં મારે શું ને તમારે પણ શું સ્વાર્થ છે ? " તે સ્ત્રીનાં આવાં વચન સાંભળીને રાજા બોલ્યો–" હે સચ્ચરિત્રશાળી સાધ્વી ! તમે જ્યાં સુધી મારી શંકાનું સમાધાન કરશો નહિ ત્યાં સુધી મને બીજા કશાથી આનંદ થવાનો નથી. " તે સ્ત્રી બોલી " આપ રાજા છો, ગુણવાન છો, વિદ્વાન છો, આપે લીધેલ હઠ આપ છોડશો નહિ. સ્ત્રી હઠ, બાળક હઠ, જોગી હઠ, રાજહઠને કોઇ પૂરૂં પડી શકતું નથી, તેથી સાંભળો–જો આપને મારા હસવાનું કારણ જાણવું જ હોય તો આજથી છ મહિને આપના બાગમાં કુવારા પાસેના આંબાના વૃક્ષપર મેનારૂપે હું તમને ઉત્તર આપીશ. આજ તો હમણાંજ મારૂં મૃત્યુ થવાનું છે, જેવી હું મારા ડેલાના દ્વારપર જઇશ તેવો તે ડેલો એકાએક મારા પર તુટી પડશે અને હું દબાઇને મરણ પામીશ. તેથી તમારી શંકાનું સમાધાન કરવાનો હાલ વખત નથી." આવાં વચન તે સ્ત્રીનાં સાંભળી રાજા બોલ્યો–' હે બહેન ! તમારા મૃત્યુનું નિવારણ ન થઈ શકે ? ' સ્ત્રી બોલી–' મહારાજ ! તમે તો ઘેલા છો, પૂર્વભવનાં કરેલાં કર્મ ભોગવ્યા વગર છુટકો થતો નથી, તેને કોઈ ફેરવી શકતું નથી. તે ઉપર એક દૃષ્ટાંત કહુ છું તે ધ્યાન દઇને સાંભળો:—

રાયપુર કરીને એક નગર હતું, તેમાં **પ્રજાપાળ** નામનો રાજા હતો, તેને **મૃગાવતી** નામની રાણી હતી, તે ગર્ભવતી થતાં પૂરામાસે એક પુત્રીને જન્મ આપ્યો. ત્યારે તે રાજાએ એક મહાન્ જોશીને બોલાવી તેની જન્મોત્તરી કરાવી. જોશીએ બહુજ કુશળતાથી તે બાળકીની જન્મોત્તરી બનાવીને રાજાને આપી. રાજાએ પુછ્યું–' મહારાજ ! એ સંબધમાં કાંઇ કહેવું છે ? ' જોશીએ કહ્યું–' બાળકીના ગ્રહ સારા છે; પણ એક વિપરીત વાત એવી જોવામાં આવી છે કે તે કહેતાં મારી જીભ ચાલતી નથી. ' રાજા કહે–' ખુશીથી કહો, તેમાં કાંઇ ફીકર કરવી નહિ.' જોશી બોલ્યો–' મહારાજ ! તે બાલકીના લગ્ન તેણે પૂર્વભવમાં કરેલાં કર્મને લીધે આપના પાયખાનાનું ઝાડુ કાઢનાર ભંગીના પુત્ર વેરે થશે. હે મહારાજ ! માફ કરશો, મારા પર રોષ કરશો નહિ. પૂર્વજન્મમાં કરેલાં કર્મ પ્રમાણે આ ભવમાં સર્વ સંયોગ આવી મળે છે. '

આ શબ્દ સાંભળતાં રાજાના પગની જ્વાળા શિરપર જઇને બેઠી. તે લાલચોળ થઈ ગયો. અને બોલ્યો ' હે ભુદેવ! તમે કહો છો તે સત્ય ન થાય તો તમારા માટે મારે શું કરવું ? ' જોશી બોલ્યો–' હે રાજન્ ! મારો જોશ ખોટો પડે તો આપ મને ગરદન મારજો. કારણકે તે બાળકીના પૂર્વભવમાં કરેલાં કર્મના સંબધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો દૃઢ છે કે તેના લગ્ન મેં જણાવેલ ભંગીના છોકરાવેરે અવશ્ય થવાજ જોઇએ,' આટલાં વચન કહી જોશી ચાલતો થયો. બીજે દહાડે રાજાએ તે ભંગીના છોકરાને દરબારમાં બોલાવી ચાંડાળોને આજ્ઞા કરી કે–' આ છોકરાને જંગલમાં એકાંત સ્થળમાં લઈ જઇ ઠાર મારી તેની નિશાની મારી પાસે લાવો. ' રાજાના હુકમ પ્રમાણે ચંડાળો તે ભંગીના છોકરાને અરણ્યમાં લઇ ગયા, પણ ગરદન મારતાં તેને દયા આવી. તેઓએ વિચાર કર્યો કે ' આ ભવમાં આપણે પરભવમાં કરેલાં દુષ્ટ કર્મના યોગે આવી દશા તો ભોગવીએ છીએ અને વળી આ ભવમાં આવાં દુષ્ટ કર્મ કરવાથી પરભવમાં કેવો અવતાર ધારણ કરી અસહ્ય દુઃખ ભોગવવાં પડશે માટે તેનો અંગુઠો કાપી લઈ રાજાને બતાવવો અને આ ભંગીને કોઇ વહાણમાં બેસાડી દેશપાર કરી દેવો ' પછી એ પ્રમાણે કાર્ય કરી ચંડાળો રાજભવનમાં આવ્યા અને ભંગીના છોકરાની નિશાની રજુ કરીને રાજાને કહ્યું કે–' મહારાજ! તે ભંગીના છોકરાને ઠાર મારી આવ્યા છીએ ' આ વાત સાંભળી રાજા ખુશી થયો અને જોશીને તેડાવી કહેવા લાગ્યો–' હે ભુદેવ! તમારો જોશ ખોટો ઠરશે અને તમને ગરદન મારવા પડશે, માટે હજી તમે બરાબર જોશ જોશો તો બચશો.' જોશી બોલ્યો–'મારો જોશ ખરો છે અને તેમાં મેં કાંઇપણ ખોટું કહ્યું નથી. પ્રાણીમાત્રને પૂર્વજન્મમાં કરેલાં કર્મ પ્રમાણે આ ભવમાં પ્રાપ્ત થાય છે તે મુજબ તમારી કન્યાનું લગ્ન તે ભંગી વેરેજ થશે.'

હવે સમુદ્રમાં રવાના કરેલો તે ભંગીનો છોકરો દરિયામાં ઘણી મુદત રહી એક બેટમાં ઉતર્યો જ્યાં કોઇ મનુષ્ય કે પશુ–પંખીની વસ્તી નહોતી, ત્યાં ફળ વિગેરેનો આહાર કરી પોતાનું ગુજરાન ચલાવતો. તેની ઉમર લગભગ વીશ વરસની થવા આવી ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે–' આ બેટમાં મેં આટલી ઉમર કાઢી, હવે જીવીને શું કરવું ? માટે આ સમુદ્રમાં પડું, પછી જે બને તે ખરૂં. ' આમ વિચારી તે બેટમાંથી લાકડાં–પાટીયાં એકઠાં કરી તેનો ત્રાપો બાંધી તે ઉપર બેસી તેણે સમુદ્રમાં પ્રયાણ કર્યું. ' કર્મ આગળ મનુષ્યના ઉપાય કામ આવતા નથી.' તે ત્રાપો તરતો તરતો કેટલેક દિવસે કિનારે આવ્યો. જે દિવસે તે ત્રાપો દરિયાના કિનારા ઉપર આવ્યો તેજ દિવસે પાસે આવેલા એક મોટા નગરનો રાજા અપુત્ર મરણ પામ્યો; તેથી રાજ્યના મંત્રીમંડળે એવો ઠરાવ કર્યો કે–' જે પુરૂષ પ્રભાતમાં પહેલવહેલો નગરમાં દાખલ થાય તેને ગાદી ઉપર બેસાડવો. પછી તે ગમે તે જ્ઞાતિનો હોય.'

હવે તે ભંગીપુત્ર ઘણા દિવસનો ભૂખ્યો હતો, તેથી અન્ન માટે કિનારા પાસેના નગરમાં રાતની વખતે ગયો, પણ નગરની ભાગોળના દરવાજા બંધ હોવાથી દરવાજા ઉઘાડવાની રાહ જોઇ ત્યાં બેસી રહ્યો. પ્રભાત થતાં દરવાજા ઉઘાડવામાં આવ્યા, એટલે પ્રથમ તે ભંગીપુત્ર નગરમાં દાખલ થયો. ઠરાવ પ્રમાણે તે ભંગીપુત્રને રાજભવનમાં લઈ જઇ ગાદી ઉપર બેસાડી દેવામાં આવ્યો, અને તેનું નામ કુમારીથીનસિંહ પાડવામાં આવ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રમે ક્રમે પ્રજાપાળ રાજાની પુત્રી ઉમર લાયક થઈ. તેણે સ્વયંવર રચ્યો અને દેશપરદેશના અનેક રાજા એકઠા થયા. તેમાં કર્માધીનસિંહ પણ આવ્યો હતો. દૈવયોગે પ્રજાપાળની પુત્રીએ કર્માધીનસિંહને વરમાળ પહેરાવી અને પોતાના સ્વામી તરીકે ગણ્યો. આ બનાવથી પ્રજાપાળ રાજા બોલ્યો–'જોશીઓ ખોટા છે, તે ભંગીનો મેં નાશ કરાવ્યો છે, મારી કન્યા આ ઇંદ્ર જેવા રાજકુંવરને વરી છે, માટે તેડાવો તે જોશીને, ઠરાવ પ્રમાણે તેનો વધ કરીએ.'

આજ્ઞા પ્રમાણે અનુચરો જોશીને બોલાવી લાવ્યા. તેને પ્રજાપાળ કહેવા લાગ્યો–'હે ભૂદેવ! તમારૂં આવી બન્યું છે, તમારા લેખ ખોટા ઠર્યા છે. મેં તે ભંગીનો વધ કરાવેલો છે અને મારી કન્યા આ રાજકુંવરને વરી છે. બોલો હવે તમારો કાંઈ બચાવ છે?' જોશી કહે–'મહારાજ! આપ ગમે તેમ કહો, પણ પૂર્વભવમાં કરેલાં કર્મ પ્રમાણે તે કન્યાનું સગપણ ભંગીના છોકરા વેરેજ થવું જોઇએ; માટે આપ તપાસ કરો, ઉતાવળ કરવાની જરૂર નથી.'

રાજાએ ચંડાળોને બોલાવ્યા અને ધમકી દઇ પૂછયું કે–'તે ભંગીના છોકરાનો તમે વધ કર્યો હતો કે નહિ? સાચી વાત કહો, નહિતર ઠાર મારીશ.' ચંડાળ બોલ્યા–'અમે તે ભંગીના છોકરાનો અંગુઠો કાપી તેને જીવતો મૂકી દીધો છે, પછી તેનું શું થયું તે અમે જાણતા નથી.' આ હકીકત સાંભળી પ્રજાપાળે કર્માધીનસિંહની તપાસ કરી તો તે ભંગીનો છોકરો હતો, અને પૂર્વકર્મના પુણ્યના ઉદયથી રાજ્યપદ પામ્યો હતો. રાજા શાંત થયો અને જોશીને પગે પડી કહેવા લાગ્યો–'હે સદ્ગુણી જોશી! મેં તમારો અપરાધ કર્યો છે તે માફ કરો. હવે મને ખાત્રી થઇ કે મનુષ્ય માત્ર કર્મને આધીન છે અને તેનો ભોગવ્યા વગર છુટકો થતો નથી. સંસારમાં જે એકબીજા મનુષ્યનો સમાગમ, સુખ દુઃખ થાય છે તે કર્મને લીધેજ થાય છે.' આવા વચન તે જોશીને કહી ઘણું દ્રવ્ય આપી વિદાય કર્યો."

આ પ્રમાણે પેલી સ્ત્રી ભદ્રસિંહ રાજાને કહી પોતાના ઘર તરફ રવાના થઈ. જેવી તે પોતાના ઘરમાં ડેલામાં આવી તેવોજ ધરતીકંપ થયો અને ડેલો અચાનક પડ્યો, તેમાં બાઈ દબાઈને મરણ પામી. આ બનાવ રાજા નજરે જોઇ ઉદાસીન ચહેરે પોતાના રાજભવનમાં ગયો.

છ માસ પૂરા થયા. ઠરાવ પ્રમાણે નીમેલે દિવસે ભદ્રસિંહ રાજા પોતાના બગીચામાં ફુવારા પાસે આવ્યો અને કહેવા લાગ્યો–'ઓ મધુરી મેના! તારાં વચન પ્રમાણે તું મારી શંકાનું સમાધાન કર.' આ વચન સાંભળતાં વૃક્ષપર બેઠેલી મેનાને વાચા થઇ અને કહેવા લાગી–"હે પવિત્ર રાજન્! એ વાત સાંભળતાં તમને આ સંસાર ઉપરથી મોહ ઉતરી જશે અને રાજપાટ ભોગવવું ગમશે નહિ, કારણકે તે સાંભળ્યા પછી તમે આત્મશોધન કરવા દેશ–પરદેશ ભટકતા ફરશો." રાજા બોલ્યો–'હે ચતુર પંખી! જ્યાંસુધી તું મારી શંકાનું સમાધાન કરીશ નહિ, ત્યાંસુધી મને ચેન પડવાનું નથી.' મેના બોલી–'હે ભદ્ર! અત્યારે તે વાત કહેવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખત નથી; કારણકે ઉંચે જુઓ પેલો બાજ ઉડતો ઉડતો મારા તરફ આવે છે, તે મારૂં ભક્ષણ કરી જશે અને હું કાળના પંજામાં સપડાઇ જઈશ. પણ તમારી શંકાનું સમાધાન તમારા નગરના નગરશેઠની પુત્રી તેની ઉમર પાંચ વરસની થશે ત્યારે આજથી પાંચ વરસે કરશે.' આમ વાત કરે છે એટલામાં ઉંચેથી ઉડતા બાજે તે મેનાને મારી નાખી કાળને વશ કરી.

મેનાનું ભવિષ્ય સાંભળી રાજા વિચારમાં પડયો. પંખી જેવા પ્રાણીને ભવિષ્ય કહેવાનું જ્ઞાન છે અને મને નથી, એ સારાં પૂર્વનાં કર્મની વાત છે. પછી મહા મુશીબતે રાજાના પાંચ વરસ પૂરાં થયાં. નગરશેઠને ઘરેથી રાજાને આમંત્રણ આવ્યું કે-'મારી પુત્રીનું સગપણ થાય છે, માટે તે શુભ પ્રસંગ ઉપર આપ પધારી મને કૃતાર્થ કરશો.'

રાજા તે શુભ પ્રસંગ માટે નગરશેઠને ઘેર પધાર્યા. ત્યારે પેલી કન્યા રાજાના ખોળામાં બેસી ખડખડાટ હસીને કહેવા લાગી-'હે ભદ્રસિંહ રાજા! હજી તમે તમારી હઠ છોડી નહિ. હવે સાંભળો, હું કોણ છું? મારો સંબંધ થાય છે તે પુરૂષ કોણ છે? તેનો ખ્યાલ કરો. આજ ધણી-ધણીઆણી તરીકે અમારો સંબંધ થયો છે, પણ પૂર્વજન્મમાં અમે મા-દીકરો હતાં. પેલા ગૃહસ્થની મેડી ઉપર દંપતીને જોઇને જે સ્ત્રી હસી હતી તેજ હું પોતે છું. ત્યાંથી મરણ પામી મેનારૂપે અવતરી અને ત્યાંથી આ નગરશેઠને ઘેર પુત્રી તરીકે અવતાર ધારણ કર્યો. પેલા દંપતીને દેખીને હું હસી હતી તેનું કારણ એટલુંજ હતું કે એ બંને પૂર્વભવમાં મા દીકરો હતા. જેનાં પયોધરના પાનથી પૂર્વ જન્મમાં તે પુરૂષને તૃપ્તિ થતી હતી તે આજે પયોધરના મર્દનથી તૃપ્ત થાય છે.' આવાં વચન સાંભળી રાજા ઉંડા વિચારમાં પડી ગયો ત્યારે તે બાળકી બોલી-"હે રાજા! શું વિચારમાં પડ્યા છો? આજ પ્રમાણે સંસારની રેંટમાળ ચાલી આવે છે. એક જન્મમાં જે મા દીકરો હોય છે તે બીજા જન્મમાં ધણીધણીઆણી પણ થાય છે, ને ત્રીજે જન્મે ભાઇ બહેન કે એવાં જ કોઇ સંબંધથી પણ જોડાય છે. એક જન્મમાં મનુષ્ય હોય તો તેનાં કર્મ પ્રમાણે બીજે ભવે પંખીની જાતમાં અવતરે છે અને ત્રીજે ભવે જીવ અન્ય જંતુની યોનિમાં અવતરે છે. જેવાં જેનાં કર્મ તેવો તેને અવતાર ધારણ કરવા પડે છે. એવી સંસારની લીલા છે. તમને શંકા થઇ હતી તેનું આજે મેં તમારી પાસે યથાર્થ સમાધાન કર્યું છે."

નગરશેઠની બાળકીનાં આવાં વચન સાંભળી રાજા મોટા વિચારમાં પડ્યો અને મનમાં સંકલ્પ કરવા લાગ્યો કે-'પૂર્વભવમાં હું કોણ હોઇશ અને આ ભવનાં મારાં સ્ત્રી પુત્રો પૂર્વભવમાં મારા શું સંબંધમાં હશે.' તે વિચારમાં ને વિચારમાં રાજા દિનપ્રતિદિન નિસ્તેજ થવા લાગ્યો.

રાજાની સ્થિતિ ઉદાસીન બની જતાં એક દિવસ તે નગરમાં એક મુનિરાજનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવાગમન થયું. તે ખબર રાજાના કાન ઉપર આવતાં તુરતજ ઉઘાડે પગે રાજા તેની પાસે ગયો. વિધિયુક્ત વંદણા કરી તે ઉભય હસ્ત જોડી પ્રાર્થના કરી દીન વચનથી બોલ્યો કે–'હે દયાળુ! આપ ગુણી છો, વિદ્વાન છો, સર્વ શાસ્ત્રના જાણ છો, તો કૃપા કરીને મને કહેશો કે પૂર્વ જન્મમાં હું શી ગતિ ભોગવતો હતો અને આ રાજ્યના સુખને કેવી રીતે પામ્યો?'

ક્ષણભર વિચાર કરી તે મુનિરાજ બોલ્યા–'એ તારી જીજ્ઞાસા પરમ કલ્યાણરૂપ છે. મનુષ્યજીવનની એમાંજ સાફલ્યતા છે. તને તે જાણવાની જે જીજ્ઞાસા થઇ છે તે તારાં કર્મનો વિપાક પૂરો થયેલો હોવાથી થઈ છે. તું તે જાણવાનો અધિકારી છે, પણ તે જાણ્યા પછી તને આ સંસાર દાવાનળ જેવો લાગશે; માટે નીતિથી રાજ્ય કરી તારી પ્રજાનું પાલન કર, તેથીજ તારી સદ્‌ગતિ થશે.' રાજા બોલ્યો–'હે દયાળુ! હવે રાજપાટ કે સંસારપર મને જરા પણ પ્રીતિ નથી. આ લોકના વૈભવ વિલાસ, સુખસંપત્તિ ભલે ક્ષુલ્લક મનુષ્યનાં મનને શાંતિ આપો, પણ મને તો એ જવાળા વરસાવનારાં થઇ પડ્યાં છે. મને આ સર્વ જગત માયાથી મોહ પામેલું જણાય છે. માટે મારા પૂર્વ જન્મનું વૃત્તાંત કહેવા કૃપા કરો.'

રાજાનાં આવાં વચન સાંભળી તે મુનિરાજ બોલ્યા–'હે! પુણ્યશાળી જીવ! તને તારા પૂર્વ જન્મનું વૃત્તાંત સાંભળવાની ઉત્કંઠા થઈ છે, તો તેનો રસ્તો એજ છે કે તું અહીંથી ચંપાનગરીમાં જજે, ત્યાંના રાજાને ઘેર તારી મનકામના પૂર્ણ કરવાને માટેજ એક પુત્રનો જન્મ થશે. આવતી કાલે સાંજની વખતે તું ત્યાં પહોંચીશ, ત્યારેજ તે પુત્રનો જન્મ થશે. તું ગામ બહાર ધર્મશાળામાં ઉતારો રાખજે. તારી મનકામનાં પૂરી કરવા માટે એક દેવતા તે પુત્રને મધ્ય રાત્રિના વખતે તારા ખોળામાં લાવીને મૂકશે; એટલે તે બાળક તારા પૂર્વ જન્મની સર્વ હકીકત કહી સંભળાવશે. તારા પૂર્વ જન્મનું વૃત્તાંત સંભળાવ્યા પછી તે દેવતા તે પુત્રને સ્વસ્થાનકે લઇ જશે કે તુરતજ તે મરણ પામશે.' મુનિનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને રાજા ચંપાનગરી તરફ રવાના થયો. ઠરાવ પ્રમાણે ગામને પાદર ધર્મશાળામાં ઉતારો કરી આસન કરીને બેઠો. મધ્યરાત્રિના સમયમાં એક તરતનો જન્મેલો બાળક રાજાના ખોળામાં આવી ખડખડ હસવા લાગ્યો, અને બોલ્યો–'પિતાજી! આપને પૂર્વ જન્મના વૃત્તાંતની અભિલાષા છે તે સાંભળો. કારણકે પૂર્વનાં કર્મ પ્રમાણે મારૂં અલ્પાયુ છે.'

રાજા વિસ્મય પામી કહેવા લાગ્યો કે–'હે બાળક! તું મને પિતા શા માટે કહે છે? તેનો ખુલાસો કર.' બાળકુંવર કહે–'હે પિતાજી! રાજગ્રહી નગરીમાં **ધનદત્ત** શેઠની ધણીઆણી તે પૂર્વ ભવમાં તમારી સ્ત્રી હતી અને મારી માતા હતી. તેજ નગરમાં **વિશ્વશર્મા** વિપ્રના દીકરાની વિધવા ઓરત જે અત્યારે ભરજુવાનીમાં છે તે મારી પૂર્વ જન્મમાં સ્ત્રી હતી અને હું તમારો પુત્ર હતો. હવે અગાઉના ભવના કર્મની કથા સાંભળો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળકુંવર કહે છે–" હે પિતાજી ! આપ મારા પૂર્વ જન્મના પિતા છો. પૂર્વ જન્મમાં આપ ઉજ્જયની નગરીના રાજા હતા. આપની સ્ત્રી ને મારી માતુશ્રીનું નામ **ગુણવંતી** હતું. જે આ જન્મમાં પૂર્વ જન્મનાં તેનાં સારા કર્મયોગે રાજગ્રહી નગરીના ધનદત્ત શેઠની સ્ત્રી થયેલી છે. મારૂં નામ પૂર્વ જન્મમાં **મોહાંધસિંહ** હતું અને મારી સ્ત્રીનું નામ **દુષ્ટમતિ** હતું. જે આ જન્મમાં પૂર્વ ભવના કરેલાં અયોગ્ય કર્મના યોગે રાજગ્રહી નગરીમાં વિશ્વશર્મા વિપ્રના પુત્રની ઓરત છે તે વિધવાપણું ભોગવે છે. તે તેનાં કર્મનું ફળ છે. આપનાં પૂર્વ જન્મનાં કર્મ બહુજ ઉત્તમ હતાં, તેથી આપ રાજપદવી પામ્યાં છો. મારાં કર્મના યોગે હું મોટે મોટે ઘેર અવતાર ધારણ કરૂં છું. પણ સંસારનો વા લઇ અલ્પ આયુષ્ય હોવાથી તુરત એક ખાડામાંથી બીજી ખાડામાં પડું છું.

એક વખત આપણા દેશમાં મોટો દુષ્કાળ પડયો. આપે સારી રીતે પ્રજાનું રક્ષણ કર્યું. પણ બાર વરસનો દુષ્કાળ જેથી લોકોને નભાવી શકયા નહિ. તોપણ અપંગ અને સાધુ લોકોનું આપ કાળજીથી પ્રતિપાલન કરતા હતા. આપના દાનની પ્રશંસા દેવલોકમાં ગવાઈ અને એક દેવતા આપનું સત્ત્વ જોવા માટે મૃત્યુલોકમાં આવ્યો.

રાજભવનમાં ખોરાકની તંગી પડી. તેથી આપણે દેશ છોડવો પડ્યો. આગળ ચાલતાં ચાલતાં ચાર દિવસે એક વિકટ જંગલમાં આવી ચડ્યા. હે પિતાજી ! આપને માથે આવું સંકટ પડયું, તોપણ આપ સાધુપુરૂષને ભાવથી ભોજન વહોરાવતાં, અંતરમાં પૂરો પ્રેમ રાખતા અને જેમ બને તેમ અહંકારરૂપી વાઘને નસાડવાને પ્રયત્ન કરતા હતા. વૈરાગ્યવાન્ જીવથી જ અંદરના અને બહારના વિષયોનો ત્યાગ થઇ શકે છે.

આપણા કુટુંબને ચાર ચાર ઉપવાસ થયા, પણ મહા ઉજજડ જંગલમાં ભોજન મળ્યું નહિ, તેથી આરામ લેવાને માટે એક સુંદર વૃક્ષની છાંયા તળે બેઠાં. એટલામાં વિવિધ જાતનાં ભોજનથી ભરેલાં ચાર પાત્ર આપણી સન્મુખ અંતરિક્ષમાંથી આવીને મૂકાયા. નિત્યનિયમ કરી તે પાત્રમાંહેલું ભોજન આપણે આરોગવા જઇએ છીએ એટલામાં એક ભયંકર રાક્ષસી સ્ત્રીના રૂપમાં આપણી પાસે યાચવા લાગી કે–' હું ઘણા દિવસની ભુખી છું માટે મને ભોજન આપશો તો તમારૂં કલ્યાણ થશે.' તેનાં એવાં દીન વચનો સાંભળી આપે આપનો થાળ પૂરા પ્રેમથી તેને આપી દીધો. તે તેણે ખાધો તો પણ તેનું પેટ ભરાયું નહિ. એમ જણાયાથી મારી માતુશ્રીએ પણ પોતાનો થાળ તેને આપી દીધો. તોપણ તે હજી ભુખી છે એમ તેના કહેવાથી જણાયું, તેથી તમોએ મને તથા મારી સ્ત્રીને થાળ આપવાની આજ્ઞા કરી. આપની આજ્ઞા થતાં મેં તથા મારી સ્ત્રીએ કચવાતાં કચવાતાં અને મનમાં તે રાક્ષસીને ગાળો ભાંડતાં અમારા થાળ આપ્યા. તે સર્વ આરોગીને તે રાક્ષસી અદ્રશ્ય થઇ ગઇ અને આપણે સર્વેને ભૂખ વેઠતાં વેઠતાં આગળ પ્રયાણ કરવું પડયું. અનુક્રમે એક મોટા નગરમાં જઇ પેટપૂરણ અનાજ ખાઇ શાંત થયાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે પિતાજી ! કાળના નિયમ પ્રમાણે દુષ્કાળ મટી ગયો, અને સર્વ આપણે આપણા નગરમાં આવ્યાં. ધીમે ધીમે પ્રજા પણ આવીને વસવા લાગી. ત્યાં રાજ-સુખ ભોગવી ઉમરે પહોંચતાં એક પછી એક એમ આપણે સર્વ મૃત્યુને શરણ થયાં. પૂર્વજન્મમાં આપે દેવરૂપી તે રાક્ષસીને પૂરા ભાવથી અન્નદાન આપ્યું હતું તે શુભ કર્મના યોગે આપ રાજકુળમાં અવતરી રાજ્યના વૈભવો ભોગવો છો. મારી માતુશ્રીએ પણ પૂરા ભાવથી પોતાનું ભોજન આપ્યું હતું, તેથી તે પણ મોટા કુળમાં અવતરીને સારા કુટુંબમાં તેના લગ્ન થયાં. મારી સ્ત્રીનું તથા મારૂં અંતઃકરણ રાક્ષસીને પાત્ર આપતાં કચવાયું હતું તેના યોગે મારી સ્ત્રી આ જન્મમાં હાલ વિધવાપણું ભોગવે છે; તેમજ મારી પણ તેવીજ સ્થિતિ છે. એટલે મોટે મોટે ઘરે અવતાર લઇ તુરતજ એક ખાડમાંથી બીજી ખાડમાં પડું છું. પણ તે પાત્ર આપતાં અજ્ઞાનથી મારૂં મન કચવાયું હતું તેથી બાળકબુદ્ધિને લઇને તે રાક્ષસીએ મારા ઉપર વધારે કોપ ન કરતાં મને જ્ઞાન આપ્યું છે, તેથી પૂર્વ જન્મના વૃતાંત જાણવાનું મને જ્ઞાન થયું છે. પૂર્વજન્મની જે હકીકત મારા જાણવામા હતી તે યથાર્થ આપની પાસે મેં નિવેદન કરી છે. ”

કુમારનાં આવાં વચન સાંભળી રાજા અત્યંત ઉદાસીન થયો, અને વિચારવા લાગ્યો કે-‘ અહો ! આ જગતની રચના કેવી વિચિત્ર છે ! કોણ રાજા છે ? કોણ રંક છે ? કોણ સ્ત્રી છે ? અને કોણ પુત્ર છે ? તેનો મને કાંઈ ખ્યાલ આવતો નથી. આ વખતે સંસાર મને સ્મશાનતુલ્ય ભાસે છે. રાજના વૈભવ અંગારારૂપ દેખાય છે; માટે હવે તો આ દેહનું સાર્થક કરવું એજ મનુષ્યજન્મ મળ્યાનું સાર્થકય છે.

બાળકુંવર બોલ્યો–‘ હે પિતાજી ! હવે જેવો મને આંહીથી રાજભુવનમાં લઇ જઇ પારણામાં સુવાડશો તેવોજ મારા દેહનો અંત આવશે. આ જગતનો તમારો ને મારો મેળાપ અહીંજ પૂરો થાય છે. ’ આટલું બોલતાંજ એક દેવતાએ તે બાળકુંવરને સ્વસ્થાનકે પહોંચાડ્યો. જ્યાં પહોંચતાં તુરતજ તે મરણને શરણ થયો.

ત્યાંથી તે રાજા પોતાના રાજનગરમાં ગયો અને આ સંસારના તમામ પદાર્થ ઉપરથી તેની પ્રીતિ ઉઠી ગઇ. તે આ જગતને ઝાંઝવાના જળ જેવું, ગંધર્વનગર જેવું, પાણીમાં આળેખેલા ચિત્રામણ જેવું માનવા લાગ્યો; અને જગતના સર્વ વ્યવહારો તેને બંધનના પાશ જેવા જણાવા લાગ્યા. દિવસે દિવસે તે શોકસાગરમાં ડુબવા લાગ્યો.

એક દિવસ તે રાજા દેવદર્શન કરવા સારૂ જિનાલયમાં જવા છડી સવારીએ નીકળ્યો. સાથે પાંચ સાત માણસો ચાલ્યા આવતા હતા, તેવામાં એક ગુણી આચાર્યનું તે નગરમાં આવાગમન થયું. રસ્તામાં તે આચાર્ય રાજાની દ્રષ્ટિએ પડ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે રાજા તુરતજ તેમની સન્મુખ જઇ વિધિયુકત વંદણા કરી કહેવા લાગ્યો કે–' હે કૃપાળુ ! મને આ સંસાર એવો તો ઝેર જેવો થઇ ગયો છે કે તેનાં સુખ ભોગવવાં મને બીલકુલ ગમતાં નથી. મારૂં રાજપાટ, પુત્ર પરિવાર, ઋદ્ધિ સિદ્ધિ સર્વ દુ:ખમય લાગે છે, માટે મારા આત્માનું કલ્યાણ થાય તેવો રસ્તો બતાવવા કૃપા કરો.' રાજાનાં આવાં વાકય સાંભળી મુનિરાજ બોલ્યા–' હે ભદ્ર ! તારૂં કહેવું સત્ય છે. જ્ઞાની પુરૂષને જગત સ્વપ્નતુલ્યજ ભાસે છે, તેમ તને પણ થયું છે, માટે આ સંસાર તરવા તારો વિચાર હોય તો તું ચારિત્ર ગ્રહણ કરી આત્માનું કલ્યાણ કર. તેથી તારા આત્માનું કલ્યાણ થશે.' આ ઉપરથી તે રાજા શુદ્ધ ભાવથી ચારિત્ર ગ્રહી જીંદગી પર્યંત પાળી દેવલોકના સુખને પ્રાપ્ત થયો.

**અમીચંદ કરશનજી શેઠ.**
વીશળ હડમતીયા ( **જુનાગઢ.** )

---

# जैन पंचांग नाम मात्रथी ठगाशो नहीं.

હાલમાં **સુખલાલ નાથાલાલ ડગલી** નામના **અમદાવાદ**ના બુકસેલરે સંવત્ ૧૯૭૫ ના વર્ષનું **જૈન પંચાંગ** બહાર પાડયું છે. તેની મતલબ માત્ર **આસુતબિંદુ**ની જાહેર ખબર ફેલાવવાની મુખ્યપણે સમજાય છે. આ પંચાંગ તૈયાર કરવામાં પ્રસિદ્ધકર્ત્તાએ તે વિષયના જાણનારની સલાહ કે સહાય લીધી નથી, તેથી તેની અંદર અનેક પ્રકારની ભૂલો કરી છે, તેથી જૈન વર્ગ ભુલથાપ ન ખાય તેટલા માટે તે ભૂલો આ નીચે પ્રકટ કરવાની જરૂર પડી છે.

૧ પ્રથમ તો જૈન વર્ગમાં જોધપુરી શ્રીધર શિવલાલ પંડિતનું ચંડુ પંચાંગ એક સરખી પ્રવૃત્તિ થવા માટે માન્ય રાખવામાં આવેલ છે અને તે ઉપરથી તિથિઓની વધઘટ વિગેરે લેવામાં આવે છે, આ પંચાંગમાં તેની સહાય ન લેતાં મુંબઇમાં છપાતા ગુજરાતી પંચાંગોની સહાય લીધી જણાય છે, તેથી તિથિઓની વધઘટમાં ( ક્ષય–વૃદ્ધિ ) માં ઘણો ફરક પડ્યો છે.

૨ બીજું બીજ, પાંચમ, આઠમ વિગેરે તિથિઓની ક્ષય કે વૃદ્ધિ જૈન માન્યતા પ્રમાણે બારે તિથિ પાળવા માટે કરવામાં આવતી નથી, તેની ખબર ન હોવાથી આ પંચાંગમાં તિથિઓની ક્ષય-વૃદ્ધિ પણ કરી છે.

૩ ત્રીજું જૈનોના ખાસ પર્વ કેટલાક લખ્યાજ નથી. દષ્ટાંત તરીકે–મહાવીર જયંતી, સિદ્ધાચળ વર્ષગાંઠ, દોઢ માસનું ઘર, પંદરનું ઘર, તેલાધર, ડુબળી આઠમ વિગેરે લખવામાં આવ્યા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪ ચોથું જૈનોમાં પર્વ તરીકે નહીં ગણાતા અન્ય ધર્મના પર્વો દાખલ કરી દીધા છે. દૃષ્ટાંત તરીકે-મકરસંક્રાંતિ, મહા શિવરાત્રી, હોળી, નિર્જળા એકાદશી, વિજયાદશમી, ધનતેરશ વિગેરે દાખલ કર્યાં છે. પંચક પણ કાંઈ જૈન પર્વ નથી તે પણ લખેલા છે.

૫ પાંચમું કેટલાક મહિનામાં ક્ષય-વૃદ્ધિ લખવીજ રહી ગઈ છે. છતાં યંત્રમાં છે. હવે તિથિઓ સંબંધી તેમજ બીજી ભૂલ શું શું કરી છે તે આ નીચે બતાવેલ છે.

**કાર્તિક**—શુદિ ૬ નો ક્ષય ખોટો લખ્યો છે. શુદ ૪ બે યંત્રમાં લખી છે તે પણ મિથ્યા છે. 'શુદિ ૭ શ્વેત' લખેલ છે તે 'શુદિ ૭ **રવી**' જોઇએ. વદ ૫ નો ક્ષય લખ્યો છે તે વદ ૪ નો જોઇએ.

**માગશર**—'વદિ ૧૦ **શુક્ર** પાર્શ્વનાથનો જન્મ' લખેલ છે તેમાં વાર **શની** જોઇએ. 'વદ ૧૧ બે શની, રવી' લખેલ છે તે 'વદ ૧૦ બે શુક્ર, શની' જોઇએ.

**પોસ**—વદ ૧૩ મેરૂ તેરશમાં વાર નથી લખ્યો તે **બુધ** લખવો જોઇએ.

**માહ**—શુદ ૧૨ નો ક્ષય લખ્યો છે તે શુદિ ૧૦ નો જોઇએ ને ભોયણીમાં મલ્લીનાથજીની વર્ષગાંઠ શુદ ૧૦ સોમે લખેલ છે તે શુદ ૧૦ નો ક્ષય હોવાથી શુદિ ૧૧ સોમે લખવી જોઇએ.

**ફાગણ**—શુદ ૫ નો ક્ષય લખ્યો છે તે શુદિ ૪ નો લખવો જોઇએ. અને વદ ૧૩ નો ક્ષય લખ્યો નથી તે લખવો જોઈએ. યંત્રમાં વદ ૧૪ નો કર્યો છે.

**ચૈત્ર**--આંબેલની **હોળી** બે વાર લખેલ છે તે **ઓળી** લખવું જોઇએ.

**વૈશાક**—'શુદ ૨ શુક્રે-રોહીણી ને અક્ષયત્રીજ' લખી છે તે **શુદિ ૩** ને શુક્રે લખવી જોઇએ અને શુદિ ૩ નો ક્ષય લખ્યો છે તે શુદિ ૧ નો જોઈએ. વદિ ૧૧ નો ક્ષય લખ્યો છે તે વદિ ૧૦ નો જોઇએ.

**જેઠ**—'વદ ૧૩ ગુરૂ-રોહીણી' લખેલ છે તે વદ ૧૪ જોઇએ, અને વદી ૧૪ નો ક્ષય લખ્યો છે તે વદ ૧૩ નો લખવો જોઇએ.

**અશાડ**—'**શુદ ૭ શુક્ર**-અઠ્ઠાઇ બેઠી' લખ્યું છે તે '**શુદ ૮ શનીએ** અઠ્ઠાઇ બેઠી' લખવું જોઇએ. અને શુદ ૧૨ બે તથા વદ ૬ નો ક્ષય લખ્યો નથી. તે લખવો જોઇએ. યંત્રમાં શુદ ૧૨ બે કરેલ છે ને ક્ષય વદ ૭ નો કરેલ છે.

**શ્રાવણ**--વદ ૯ બુધ-રોહીણી લખી છે તે વદ ૧૦ લખવી જોઇએ અને 'વદ ૧૦ નો ક્ષય' લખ્યો છે તે 'વદ ૯ નો ક્ષય' લખવો જોઈએ.

**ભાદ્રપદ**—વદ ૨ નો ક્ષય લખ્યો છે તે વદ ૧ નો લખવો જોઇએ. અને 'શુદ ૮ બે મંગળ, બુધ' લખેલ છે તે 'શુદ ૭ બે સોમ, મંગળ' લખવા જોઇએ.

**આસો**—માં તિથિને લગતી ભૂલ નથી.

આ પ્રમાણેની ભૂલોવાળું પંચાંગ જૈન પંચાંગના નામથી બહાર પડે તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારી હાનિ થાય છે, કારણ કે તિથિ પર્વાદિક પાળવામાં ફેર પડી જાય છે. અને આગોગામમાં જુદાઇ થઇ જાય છે. તેમજ તિથિની ક્ષયવૃદ્ધિ ન કરવાની જૈનમાન્યતામાં ભંગ પડી જાય છે. તે સાથે અન્ય ધર્મના પર્વો જૈન પર્વ તરીકે ગણાઇ જાય છે. આમ ન થવા માટે આટલો લંબાણુ લેખ લખવાની જરૂર પડી છે, તેથી માત્ર **જૈન પંચાંગ** એટલા શબ્દથી ન ઠગાતાં તેના પ્રસિદ્ધકર્ત્તાના જૈનત્વ વિષે તેમજ તેની તે વિષયમાં માહિતી વિષે ખાત્રી કરીને પછી તેવું પંચાંગ ખરીદ કરવું, અને તે અનુસાર વર્તવું. હાલ આટલી સૂચના કરી લેખ સમાપ્ત કરવામાં આવે છે.

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

આ વરસમાં અત્રે ચાતુર્માસ રહેલા **પં. ચતુરવિજયજી** ફક્ત ત્રીશ કલાકની નબળાઈથી જણાતા શ્વાસની સામાન્ય વ્યાધિ ભોગવી કાર્તિક શુદિ બીજ ( ભાઇબીજ ) ને દિવસે બરોબર સૂર્યાસ્ત સમયે કાળધર્મ પામ્યા છે. આ મહાત્મા વયોવૃદ્ધ, તપસ્વી, શાંત, નિષ્કપટી અને પ્રભાવિક પુરૂષ હતા. તેઓ પરમોપકારી **મહાત્મા શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ**ના શિષ્ય હતા. તે મહાત્માને હાથે જે જે સાધુઓને વાસક્ષેપ થયો છે તેઓમાંથી ઘણાખરા પ્રભાવશાળી, શાસન દીપાવનારા નીકળ્યા છે. આ મહાત્મા મૂળ અમદાવાદના રહેવાસી હતા, અને સં. ૧૯૩૭ ની સાલમાં ડીસા ગામમાં તેમણે ચારિત્ર ગ્રહણ કર્યું હતું. દીક્ષા લીધા પહેલાંથીજ તેઓ તપસ્વી હતા, અને ચૌદ વરસની ઉમરથી તેઓ આંબેલની ઓળી કરતા હતા. આસો માસની ઓળીના સમયમાં તેઓને તાવ આવતો હતો, છતાં પણ ' ચોપન વર્ષથી શરૂ કરેલ ઓળી મૂકવી નથી' એમ કહી તેઓએ આ વરસે પણ આયંબિલની ઓળી કરી હતી. દીવાળીમાં ઉપવાસ કર્યો હતો. મૃત્યુ પ્રસંગે તેમની ઉમર લગભગ અડસઠ વરસની હતી. તપસ્યામાં બહુ શૂરા હતા, તેમજ ક્રિયાકાંડમાં બહુ પ્રવીણ હતા. તેમને હાથે ઉપધાનાદિ ક્રિયા ઘણી વખત થયેલી છે, અને એવા પ્રભાવશાળી ગણાતા હતા કે તેમના હાથે ઉચ્ચરાયેલા વ્રત નિયમાદિ પાળવામાં કષ્ટ ઓછું પડતું હતું. જેને આપણે ચોથા આરાના મનુષ્યો તરીકે ઓળખીએ તેવા નિષ્કપટી, સરલ સ્વભાવના, ગુણગ્રાહક અને નિખાલસ તેઓ હતા. આવા સમયમાં પણ તેઓ અત્રે હતા ત્યારે જે વખતે અત્રેના સંઘમાં મોટી ફાટફુટ પડશે કે કલેશ થશે તેવો સંભવ જણાતો હતો, અને ઘણા વખતથી ભાદરવા શુદિ ૫ નું સ્વામીવત્સલ અખંડ ધારાએ જમાડવામાં આવતું હતું તે જમવાની આશા નહોતી, ત્યારે તે મહાત્માના પ્રભાવથી અચાનકજ એક મોટું ફંડ એકઠું કરવા, પ્રતિવર્ષ એકને બદલે બે સ્વામીવાત્સલ્ય જમવા અને વ્યાજના વધારાની રકમ શ્રાવક–શ્રાવિકાઓના ઉપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગાર્થે વાપરી શકાય તેવું કરવા અત્રેનો સંઘ શક્તિવાન્ થયો છે. આવાં શુભ કાર્યો તે આવા મહાત્માનાં શુભ પગલાંનોજ પ્રભાવ છે. આસો વદિ ૧૪ શે તે મહાત્માએ ઉપવાસ કર્યો હતો. પ્રથમ જ્વર આવતો હતો, તેની અશક્તિને લીધે ઘણા વખતનો શ્વાસનો વ્યાધિ આસો વદ ૦)) સે જણાયો હતો, પણ બેસતા વરસને દિવસે સારીરીતે શાંતિ હતી, તેમની પાસે જનાર દરેક આબાળવૃદ્ધ શ્રાવક–શ્રાવિકાને અવારનવાર સ્વહસ્તે વાસક્ષેપ તે મહાત્માએ કર્યો હતો, અને મધ્યાન્હ સુધી માંગળિક સંભળાવ્યા કર્યું હતું. ત્યારપછી શ્વાસનું જોર વધ્યું, પણ શુદિ બીજે સવારે તો શુદ્ધિ પણ સારી હતી. શ્વાસનીજ વ્યાધિમાં ફક્ત છેલ્લી દશ–પંદર મિનિટમાં વધારાનો વ્યાધિ ભોગવી તે મહાત્મા પંચત્વ પામ્યા છે. પ્રભાવિક પુરૂષને તો જ્યાં જાય ત્યાં આનંદજ છે. અમે તે મહાત્માના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ, અને તેમના શિષ્યસમુદાયને અંતઃકરણપૂર્વક દિલાસો આપીએ છીએ. તે મહાત્માના કાળધર્મ પામવાથી એક પ્રભાવશાળી, વચનસિદ્ધ, શાંત આત્માની જૈન કોમમાં ખોટ પડી છે. તેઓના કાળધર્મ પામવાથી કાર્તિક શુદિ ત્રીજે ભાવનગરમાં અણોજો પાળવામાં આવ્યો હતો, અને મૃત્યુમહોત્સવ ઠાઠમાઠથી પણ બહુ શોક સાથે શ્રી સંઘે કર્યો હતો. આ મહાત્મા ઉપર વૈરાગ્યની, દીક્ષાની, તપસ્યાની સુંદર કાંતિ--અપૂર્વ શોભા જણાતી હતી. તેમનો પરિચય આનંદ કરાવે તેવો હતો. સર્વ પાસે આવનારાઓને 'ધર્મલાભ' થી પ્રતિલાભવા અને ઉપદેશ આપવા તેઓ સર્વદા તત્પર હતા.

* * * * *

ઇન્ફ્લ્યુએન્ઝા તાવે જેવીરીતે સાંસારિક જીવોમાં તેવીજ રીતે સાધુમહાત્માઓમાં પણ પોતાનું જોર ચલાવ્યું છે, અને ઘણા મહાત્માઓને તે રોગથી દુઃખી થવાનો–રોગ પરિસહ સહન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. આવા વ્યાધિઓમાં જેવી રીતે ડાક્ટરો તેવીજ રીતે દેશી વૈદ્યોએ પણ ઘણું સારૂં કાર્ય કર્યું છે. બંનેને હાથે આ વ્યાધિના ઘણા કેસો સુધર્યા છે. અત્રે એક સહજ પ્રશ્ન થાય છે કે 'સાધુ મહાત્માઓએ ડાક્ટરી દવા વાપરવી તે ઠીક કે કેમ ?' ખાસ કરીને તો ઔષધની બાબતમાં શ્રદ્ધા વધારે કાર્ય કરે છે, પણ અમારો આધીન મત એવો છે કે મુનિમહાત્માઓ માટે જ્યારે પણ જરૂર જણાય ત્યારે શ્રાવકોએ દેશી વૈદ્યો પાસેજ દવા કરાવવી. ડાકટરી દવા અભક્ષ્યપણાને માટે સંશયાત્મક છે. તેમાં મદ્યાદિ નિષિદ્ધ પદાર્થોનો ઉપયોગ થાય છે. આવા હેય પદાર્થો તે મહાત્માઓને માટે વાપરવા, અગર તેમની પાસે વપરાવવા તે કોઈ રીતે અમને તો અનુકૂળ જણાતું નથી. ઘણાખરા મુનિમહારાજાઓ તો આ બાબતમાં દૃઢ નિશ્ચયીજ હોય છે, પણ વખતે કોઇ સ્થળે સ્ખલના થવા સંભવ રહે તો પણ શ્રાવકોએ મુનિમહારાજાઓને ચેતાવવા તેજ તેમનું કર્ત્તવ્ય છે એમ અમને લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આયુષ્ય અસ્થિર છે, ડાકટરી દવાથીજ બચી શકાય છે અને દેશી દવા બીલકુલ નકામીજ છે તેવું કહેનારા મિથ્યા પ્રલાપી છે તે હકીકત સુસ્પષ્ટ છે, વળી પૂર્વે બાંધેલા પુણ્યાનુબંધી પુણ્યના અનુભાવથી આ ભવમાં સર્વોત્કૃષ્ટ ચારિત્ર પામી તેને નિરતિચાર પાળવું જોઇએ. પરભવમાં શુભ ગતિજ જેને માટે લગભગ નિર્ણિત થયેલી હોય છે, તેવા મુનિ મહાત્માઓએ ડાકટરી દવા વાપરવી તે કોઇ રીતે અમને તો યોગ્ય લાગતું નથી. આયુષ્યસ્થિતિ દીર્ઘ હોય ત્યારે નામમાત્રની દવાથી પણ સાજા થવાય છે, અને તે સ્થિતિ અલ્પ હોય તો ધન્વંતરીથી પણ આયુષ્ય દોરી લંબાવી શકાતી નથી, તો પછી ઉત્તમ વ્રતધારી મુનિ મહાત્માઓ માટે ડાકટરી દવા વપરાવી તેમના ચારિત્રમાં દૂષણ લગાડવું તે કોઇ રીતે અમને તો ઇચ્છવા લાયક જણાતું નથી. ગૃહસ્થ અને સાધુ જીવનમાં તેટલો ફેરજ છે–તેમની તેટલી ઉત્કૃષ્ટતા છે, સાંસારિક વાસનાનો તેટલે અંશે નાશ છે, મોહજાળ તેટલે અંશે ત્યાં નડતી નથી, અને એવી ઉત્કૃષ્ટ દશા સાધુઓની ટકાવી રાખવી તે શ્રાવકોનું કર્ત્તવ્ય છે એવી અમારી માન્યતા છે.

* * * * *

અત્રે ભાવનગરમાં લગભગ બે વર્ષથી એક **જૈન સ્વયં સેવક મંડળ** સ્થાપવામાં આવ્યું છે. આ મંડળ તરફથી સામાજિક હિતનાં કાર્યોમાં બહુ ઉમંગ ભરેલો ભાગ લેવામાં આવે છે તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે. આ મંડળ તરફથી હાલમાં બે ઉપયોગી કાર્યો કરવામાં આવ્યા છે. અત્રે અને અત્રેની આસપાસના ગામડાઓમાં હાલના ઇન્ફ્લુએન્ઝા તાવે જે મહા ઉપદ્રવ કર્યો હતો તેને અંગે તે મંડળ તરફથી એક સારા પાયા ઉપર ફંડ એકઠું કરી દવાખાનું ખોલવામાં આવ્યું હતું, અને દરદીઓને જોઇતી દરેક પ્રકારની સગવડ પુરી પાડવામાં આવી હતી. આ મંડળના ઉત્સાહી યુવકો તે તાવના વખતમાં ઘેર ઘેર ફરીને અને ગામડાઓમાં પણ જઇને દવા પૂરી પાડી આવ્યા છે, જોઇતી વસ્તુઓ દરદીને આપી આવ્યા છે, આ ઉપરાંત બીજી પણ કાંઇ મદદની અપેક્ષા હોય તો તે પણ પૂરી પાડવામાં આવેલ છે. ઔષધાલય સંબંધી આ કાર્ય ઉપરાંત ભાવનગરમાં વસતા જૈનબંધુઓની ડીરેકટરી–વસ્તિપત્રક પણ તે મંડળ તરફથી કરવામાં આવ્યું છે. ભાવનગરના જૈનોનું વસ્તિપત્રક ચૌદ વરસ પહેલાં કરવામાં આવ્યુ હતું, તેમાં ઘણા ફેરફારો થયા હશે. આ મંડળ તરફથી તે બાબતનો વિગતવાર હેવાલ પૂરો પાડવામાં આવતાં ભાવનગરનાં જૈનોની સ્થિતિની સત્ય હકીકત બહાર આવશે. આ મંડળનાં આ બંને શુભ કાર્યો માટે અમે તે મંડળનાં ઉત્સાહી કાર્યવાહકોને ધન્યવાદ આપીએ છીએ, અને આવાં આવાં જૈનકોમની સેવાનાં કાર્યોમાં નામ પ્રમાણે સ્વયં સેવાનો ગુણ તે મંડળનાં સભ્યો સર્વદા ધારણ કરી રાખશે એવી આશા રાખીએ છીએ.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે શુભ સમાચારથી આખી દુનિયા આનંદિત થઇ છે, તેવે સમયે અમે પણ અમારો આનંદ પ્રદર્શિત કર્યા વિના રહી શકતા નથી. લાખો માણસોનો અને અબજો સોનામહોરોનો વ્યય કરાવનાર મહાયુદ્ધ ચાર વરસ અને ચાર માસના લાંબા અંતર પછી બંધ પડયું છે. ગર્વિષ્ટ કયસરના હાથ નીચે પડ્યા છે, ન્યાયનો જય થયો છે, અને આપણને શાંતિમાં રાખનાર નામદાર બ્રિટીશ સરકાર તથા મિત્ર-રાજ્યોનો વિજય થયો છે. આ લડાઇએ અત્યંત ખરાબ દશા અનુભવાવી છે. લાખો માણસોનો સંહાર થયો છે, તદુપરાંત આ મહાન દાવાનળે અમૂલ્ય યુવકોનાં પ્રાણોનું ભક્ષણ કરેલું છે. લાખો કુટુંબોના હીરાઓનું જેમાં બળીદાન અપાયું છે, જેમાં ધનવ્યયનો હિસાબજ રહ્યો નથી, હજારો ગામોને જેમાં અરણ્ય તુલ્ય બનાવી દેવામાં આવ્યા છે, બળાત્કારનાં અત્યાચારો પણ જેમાં ઘણે સ્થળે અનુભવાયાં છે, તે દાવાનળ સવાચાર વર્ષને લાંબે અંતરે અંતે શાંત થયો છે. લોકોને પણ આ મહા વિગ્રહથી બહુ નુકશાન સહેવું પડયું છે. મોંઘવારીએ આખી દુનિયાને ત્રાહિ ત્રાહિ પોકરાવી છે. હવે વિગ્રહ શાંત થયો છે, તેથી ઘણીખરી ચીજો સોંઘે ભાવે મળશે, ઘણાખરા બજારો ઘટશે, અને આ દુષ્કાળના સમયમાં લોકોને કાંઈક પણ રાહત મળશે, હમેશના ચાલુ ઉપયોગની કેટલીક ચીજો તો એટલે બધે મોંઘે ભાવે મળતી હતી, કે આવા દુષ્કાળના સમયમાં તેવી ચીજોનો ઉપયોગ કેવી રીતે થઇ શકે તેનો ખ્યાલ પણ આવી શકતો નહોતો, તે ભાવો મંદા પડશે અને મંદા પડ્યા છે. આવા દુષ્કાળના સમયમાં પણ જો લડાઈ ચાલુ રહેત તો ગરીબ માણસોની અને મધ્યમ વર્ગના મનુષ્યોની પણ શું દશા થાત તે કલ્પી શકાતું નથી. જૈનદૃષ્ટિએ તો આ યુદ્ધ વિરમ્યું—સુલેહ થઈ તે પરમ પવિત્ર કાર્ય થયું છે. આ યુદ્ધે મનુષ્યોને ઘણાં શુભ કાર્યો શીખવ્યાં છે. તેમાં મુખ્યત્વે કરીને નિરાશ્રીતને આશ્રય આપવાની કેટલી જરૂર છે તે પણ શીખવ્યું છે. પૈસાદાર શ્રીમંતોએ આ દુષ્કાળના સમયમાં કોમની સહાયે જેમ બને તેમ વધારે પ્રમાણમાં બહાર પડવાની જરૂર છે.

* * * * *

ઓન૦ મી. વિઠ્ઠલભાઈ ઝવેરભાઇ પટેલે એક ચર્ચા કરવા જેવો લગ્ન સંબંધી કાયદો નામદાર વાઇસરોયની ધારાસભામાં દાખલ કર્યો છે. આ કાયદાને તેઓએ **"હિંદુ લગ્નોની મંજુરીનો કાયદો"** તેવું નામ આપ્યું છે. જૈન કોમનો સમાવેશ તે કાયદામાં થાય છે કે નહિ? એ વિષે અમારી માહીતી નથી, પણ કાયદો તથા તેનું સ્વરૂપ જાણવા જેવું—વિચારવા જેવું હોવાથી અમે અત્રે તે બાબતનો ઉહાપોહ કરેલો છે. તે મૂકવામાં આવેલું બીલ દેખાવમાં બહુ ટુંકું છે પણ તેની અસર બહુ વિચિત્ર થાય તેવી અમારી માન્યતા છે. તે કાયદો આ પ્રમાણે છે:—

"(૧) આ કાયદો ૧૯૧૮ નો હિંદુ લગ્નોની મંજુરીનો કાયદો કહેવાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨) તે કાયદો આખા બ્રિટિશ હિંદુસ્તાનને લાગુ પડે છે. હિંદુઓનું કોઇ પણ લગ્ન લગ્ન કરનાર સ્ત્રી પુરૂષ એક જ્ઞાતિનાં નથી તે કારણથી ગેરકાયદેસર ગણાશે નહિ. અને તેની વિરૂદ્ધ કોઇ પણ રૂઢિ અગર હિંદુ કાયદાનો કોઈ પણ અર્થ હોય તો તે કામ લાગશે નહિ. ”

કાયદો કાયદાના રૂપે બહુ વિચારવા જેવો છે. હિંદુઓમાં લગ્ન સંબંધી અત્યારે જે કાયદો પ્રચલિત છે તે પ્રમાણે “ જે સ્ત્રી પુરૂષ વચ્ચે લગ્ન થાય તે એકજ જ્ઞાતિનાં હોવાં જોઈએ, નહિ તો તેવાં લગ્નો જ્યાં સુધી રૂઢિથી મંજુર થતાં ન હોય ત્યાં સુધી ગેરકાયદેસર ગણવામાં આવે છે.” એ. મી. પટેલ આ કાયદો ધારાસભા સમક્ષ મૂકતાં જણાવે છે તેમ હાલમાં ચાલતા કાયદાથી વિરૂદ્ધ જ્ઞાતિના સ્ત્રી પુરૂષો વચ્ચે વિવાહ કરવાથી કાયદાનો પ્રતિબંધ આવે છે અને વારસાની બાબતમાં ગેરઇન્સાફ થાય છે. આ બાબતના સમર્થનમાં તેઓએ બે ત્રણ હાઈકોર્ટના ચુકાદાઓ ટાંકયા છે. આવા અપવાદરૂપ થયેલા ચુકાદાઓ શું એવું સાબીત કરે છે કે આવા કાયદાની જરૂર છે ? જ્ઞાતિ જ્ઞાતિની ભિન્નતામાં સ્વભાવવૈચિત્ર્ય પ્રત્યક્ષ રીતે સર્વત્ર દેખાય છે. આવા કાયદાથી વર્ણશંકર પ્રજાની ઉત્પત્તિ થશે, વર્ણાશ્રમ કે જે હિંદુ ધર્મનો મૂળ પાયો છે તેનો નાશ થશે, અને વ્યભિચારાદિક અનીતિની પુષ્ટિ થશે. જૈન દ્રષ્ટિએ તો આ કાયદો જરાપણ ફાયદો કરનારો જણાતો નથી. ભિન્ન કોમમાં સાંસારિક વિષયસુખની લાલસા વગર પરણવાની ઈચ્છા થતી નથી. વિષયસુખમાં અત્યંત લોલુપી માણસોજ આવાં લગ્નને ઇચ્છે છે; કારણ કે બધી જ્ઞાતિ એટલી બધી નાની નથી હોતી કે વિવાહ કરવાનાં સ્થળો મળી ન શકે. જ્યારે તદુપરાંત અન્યત્ર લાલસા–વિષય તૃષ્ણા સંતોષવા ઈચ્છા થાય ત્યારેજ આવા કાયદાઓનો આશરો લેવાની જરૂર જણાય છે. સુધારકોએ અને જ્ઞાતિહિતેષીઓએ પણ મૂળથી ચાલ્યા આવતા ઘોળના સાંકડા બંધનોની હદ વધારી કોમ કોમમાં કે પેટા કોમોમાં પણ અંદર અંદર વધારે દૂરના સ્થળોએ વિવાહ સંબંધ થઈ શકે કે જેથી કોઇ કોઇ નાની કોમોમાં જણાતી અગવડ દૂર થઇ જાય તેવો પ્રયત્ન કરવાની જરૂર છે. રેલવે વિગેરે મુસાફરીનાં સાધનોથી ઇચ્છિત સ્થળે જવાનું સુગમ થયેલ હોવાથી ઘોળની કન્યા દઈ શકાય તેવી હદની મર્યાદા વધે તે ઈચ્છવા લાયક છે, પણ આવી રીતે ભિન્ન કોમોમાં લગ્ન વ્યવહાર જોડી વર્ણશંકર પ્રજા ઉપજાવવી, વ્યભિચારાદિક અનીતિને ઉત્તેજન મળે તેવી વ્યવસ્થા કરવી તે અમને તો કોઇ પણ રીતે ઇષ્ટ જણાતું નથી. કોમ કોમ વચ્ચેના આ સવાલમાં નામદાર બ્રિટીશ સરકાર તેમના અસલ કાયદા પ્રમાણે હાથ ઘાલવાનો પ્રયત્ન કરશેજ નહિ એવી અમને આશા છે.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ત્તિક શુદિ. ૧૪ ગઈ છે, ચાતુર્માસ સંપૂર્ણ થયા છે. શ્રી સિદ્ધાચળજીની યાત્રા ખુલ્લી થઇ છે. ઇન્ફલ્યુએન્ઝા તાવના ઉપદ્રવથી પાલીતાણાના એડમીનીસ્ટ્રેટરે મેળો નહિ ભરવાનો હુકમ પ્રથમ બહાર પાડવાથી આ વરસે શ્રી સિદ્ધાચળજીનો મેળો ભરાયો નથી. શુદિ ૧૫ ઉપર યાત્રાળુઓને જો કે પાલીતાણામાં પ્રવેશ કરવાની મનાઇ નહોતી, છતાં પ્રથમ હુકમ બહાર પડેલ હોવાથી બહુ ઓછી સંખ્યામાં યાત્રાળુઓ આવ્યા હતા. આ વખતે મેળો ભરાયો નહોતો. પ્રતિ વર્ષ જ્યારે મેળો ભરાય છે ત્યારે તેમજ ચાલુ દિવસોમાં પણ પાલીતાણામાં ઘણી ધર્મશાળાઓ થયેલી છે છતાં ધર્મશાળા બનાવનારાઓએ નિયત કરેલા વહીવટદારો તરફથી યાત્રાળુઓને અને ખાસ કરીને મધ્યમ સ્થિતિના યાત્રાળુઓ વિગેરેને ઉતરવામાં બહુ હેરાનગતિ ભોગવવી પડે છે તે ખેદકારક બીના છે. ધર્મશાળા કરાવનારા ઉદારચિત્ત ગૃહસ્થોનો આશય તે ધર્મશાળામાં અમુક યાત્રાળુઓનેજ ઉતરવા દેવા તેવો હોતો નથી, છતાં તેનો આશય જળવાતો નથી, માટે ધર્મશાળા કરાવનારા ગૃહસ્થોએ આ બાબત ઉપર તાકીદે લક્ષ ખેંચવાની જરૂર છે. અને તેઓ પોતાનો ઉદાર આશય અમલમાં મૂકાવા માટે પોતાની ધર્મશાળાના બારણા સર્વ જૈન બંધુઓ માટે સદા સર્વદા ઉઘાડા રાખવાના હુકમો પોતાના મુનીમો ઉપર સત્વરજ મોકલાવશે તેથી આશા રાખવામાં આવે છે.

*     *     *     *     *

કાર્ત્તિક શુદિ ૧૪ ગઇ છે, ચાતુર્માસ સંપૂર્ણ થયાં છે. ચતુર્માસી પ્રતિક્રમણ પછી શ્રાવકોને ભાજી વિગેરે શાક તથા સુકો મેવો વિગેરે ખાવાની છુટ થાય છે. આ નિયમ કરવામાં શાસ્ત્રકારોએ બહુ વિચારપૂર્વક અને ખાસ કરીને આત્મસંયમના ઉન્નત કાર્ય તરફ આત્માને પ્રેરવાના લક્ષપૂર્વક પ્રતિબંધ કર્યો છે. ચોમાસામાં વરસાદ ઘણો પડે છે, આસો માસ સુધી વરસાદથી જમીન અને ક્ષેત્રાદિક લીલાછમ રહે છે, અને તેને લીધે લીલફુલ ઘણી થાય છે. શાકમાં ભાજી વિગેરે એવી ચીજો છે કે જેને લીલફુલની તથા વરસાદની તરત અસર થાય છે, તેના ઉપર લીલ બાઝી જાય છે. લીલમાં કેટલી બધી જીવોત્પત્તિ રહેલી છે તે અમોએ આસો માસના અંકમાં એક વિદ્વાનનો લેખ ટાંકીને બતાવેલ છે. વળી શાસ્ત્રકારે નિયમ બાંધેલ છે કે અમુક નક્ષત્ર પછીજ મેવો ખાવો, તે નક્ષત્ર કાર્ત્તિક માસમાં આવે છે. આવાં કારણોથી ભાજી વિગેરે તથા મેવો ખાવાનો નિષેધ કરેલો છે. તદુપરાંત માનસિક કાબુ, આહારવૃદ્ધિની ઓછાશ તે આમાં ખાસ ઉપયોગી બાબત છે. તે વસ્તુઓ જીવનના જરૂરીઆતની નથી. ફક્ત જીહ્વાઇંદ્રિયને વધારે પોષવા અને આહારની લોલુપતા માટેજ તે વસ્તુઓ છે. કેટલેક સ્થળે જે રસેંદ્રિયની તીક્ષ્ણતા તે ખાવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે જ્ઞાની કરેલ નિષેધ નહિ સ્વીકારવા માટે દર્શાવવામાં આવે છે તે જોતાં તે વસ્તુઓ કેટલી આહારલોલુપતા વધારતી હશે તે સમજી શકાય છે. રસનાઇંદ્રિય ઉપર કાબુ રાખવો-તેને જીતવી-તેના ઉપર અંકુશ મેલવો તે જરૂરની બાબત છે. શાસ્ત્રકારના માનનીય સિદ્ધાંતો સર્વત્ર અચળ માલુમ પડે છે. પાશ્ચાત્ય વિદ્વાનોથી શોધાતાં ઘણાં નિયમો આપણાં સિદ્ધાંતોને ઉપયોગી અને સત્ય તરીકે જાહેર કરે છે. તો તે નિયમોને જાળવવા અને સંસારવૃદ્ધિ કરનારી રસનેંદ્રિયની લોલુપતા ઘટાડવી તે હરેક સુજ્ઞનું-મોક્ષાભિલાષીનું કર્તવ્ય છે.

* * * * *

કાર્તિક શુદિ ૧૪ ની સાંજ ગઇ, પ્રતિક્રમણાવસરે ચાતુર્માસ સંપૂર્ણ થયાની અને સાધુ સાધ્વીઓને વિહારની અનુજ્ઞાની ઉદ્‌ઘોષણા થઇ તેજ સમયે લગભગ અર્ધો કલાક પછી રાત્રીના સાડા આઠ વાગે અત્રસ્થ પં. શાંતિવિજયજી કાળધર્મ પામ્યા છે. ચાતુર્માસ સંપૂર્ણ થતાં ઠાણા ઉડાણા કરવાના સમયની અનુજ્ઞા થતાં આ લોકમાંથી પરલોકમાં તે મુનીશ્વર વિહાર કરી ચાલ્યા ગયા છે. પં. ચતુરવિજયજીના કાળધર્મ પામવા પછી બરોબર બાર દિવસે તેમના મુખ્ય શિષ્યે પણ તેમની સાથે પ્રયાણ કરી એક શાંત, નિખાલસ સ્વભાવના, અને સતત્ અભ્યાસી સાધુની શ્રી સંઘને ખોટ પાડી છે. તે મહાત્મા મૂળ નારે ગામના વતની હોઇ, ખંભાતમાં સં. ૧૯૫૯ માં તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી, અને સં. ૧૯૬૬ લગભગમાં પન્યાસ પદવીથી તેઓ અલંકૃત થયા હતા. તેઓએ લગભગ પંદર દિવસ સુધી ચાલુ તાવની બીમારી ભોગવી તેમના સદ્‌ગુરૂનો જાણે વિયોગ સહન ન થયો હોય તેવી રીતે તે મહાત્મા ગુરૂનું તેમણે પણ અનુસરણ કર્યું છે. આ ચાતુર્માસમાં અત્રે ત્રણ મુનિ મહારાજા અને એક સાધ્વી નામે કેશરશ્રી કાળધર્મ પામ્યા છે. આ પણ કાળનો પ્રભાવ છે. પં. શાંતિવિજયજી ભોળા સ્વભાવના, કોઇપણ જાતની ખટપટથી દૂર રહી પોતાની ચારિત્રક્રિયા અખંડ રીતે પાળનારા હતા, તપસ્વી હતા, છેવટ સુધી એકાંતર ઉપવાસ કરતા હતા. વળી હમેશાં ચાલુ અભ્યાસમાં પ્રવૃત્તિ રાખતા હતા. તેમના દેહોત્સર્ગથી જૈન કોમને એક શાંત સ્વભાવી નામ પ્રમાણે ગુણ ધરાવનારા મહાત્માની ખોટ પડી છે તેવા સદ્‌ગતિગામી જીવને પરલોકમાં અમે શાંતિ ઇચ્છીયે છીએ, અને પં. ચતુરવિજયજી મહારાજના શિષ્યોને તેમના ગુરૂઓના જવા માટે અંતઃકરણથી દિલાસો આપીએ છીએ.

For Private And Personal Use Only